વર્ષ : ૩૮ ◆ અંક : ૭
જુલાઈ - ૨૦૧૪

Retail Price Rs. 5/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર




શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪ ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

## સંસ્થાના જિનમંદિરમાં નૂતન ધ્વજારોહણ વેળાએ (અષાઢ સુદ બીજ)





## સંસ્થા દ્વારા જૂના કોબા મુકામે જરૂરતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રીનું વિતરણ (તા. ૨૦-૬-૧૪)









## પૂજ્યશ્રી મનુવર્યજી મહારાજના જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે યોગસાધન આશ્રમ (અમદાવાદ) આયોજિત શિબિરના દીપ-પ્રાગટ્ય વેળાએ (તા. ૧૫-૬-૨૦૧૪)







-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ટાબેન એમ. સોનેજી**

ટ્રસ્ટી, શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭ ૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220


# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ ............ શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) સંતકૃપાથી છૂટે માયા ....... પૂ.શ્રી આત્માનંદજી ..... ૬

(૩) આપણા આત્માની સાક્ષીએ .................. ...................... ડૉ. કુમારપાળ દેસાઈ ..... ૯

(૪) ક્ષમાપના ..................શ્રી વલભજી હીરજી ... ૧૧

(૫) સમાધિતંત્ર-અમૃતરસપાન.. પ્રા.ચંદાબહેન પંચાલી ... ૧૨

(૬) સ્થિતપ્રજ્ઞ મહાત્માના લક્ષણો .... પૂજ્ય બહેનશ્રી ... ૧૬

(૭) શ્રી આનંદઘન ચોવીશી... શ્રી અશોકભાઈ શાહ ... ૧૯

(૮) સમ્યગ્દર્શન ................બા.બ્ર.શ્રી સુરેશજી ... ૨૩

(૯) ગુરુપૂર્ણિમા ............. શ્રી ભાનુબેન ડી. શાહ ... ૨૫

(૧૦) મહિમાવંત ગુરુપૂર્ણિમા ...................... .................. શ્રી વિભાબેન એસ. મહેતા ... ૩૦

(૧૧) અધ્યાત્મનું બંધારણ ........................ ............. સંકલન : શ્રી ગુલાબચંદ રાંભિયા ... ૩૨

(૧૨) બાળવિભાગ ............. શ્રી મિતેશભાઈ શાહ ... ૩૩

(૧૩) Yuva Times ................................................ ૩૫

(૧૪) સમાજ-સંસ્થા દર્શન ............................. ૩૮



**વર્ષ : ૩૮ જુલાઈ, ૨૦૧૪ અંક - ૭**



**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

કોબા - ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

mail@shrimadkoba.org

www.shrimadkoba.org

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ‘દિવ્યધ્વનિ’ દર મહિને પ્રગટ થાય છે.
- કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **‘શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા’**ના નામનો મોકલવો.
- સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.


**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩




# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

અમને ઘણીવાર વિચાર આવે છે કે, ક્યાં આપ અને ક્યાં અમે !

આપ સ્વામી અને અમે સેવક ! આપ જ્ઞાની અને અમે અજ્ઞાની ! આપ દીનાનાથ અને અમે દીન અને અનાથ ! આપ પરમપ્રજ્ઞાવંત અને અમે અલ્પમતિ ! આપ પરમાર્થી અને અમે સ્વાર્થી ! આપ નિર્દોષ અને અમે ‘દોષ અનંતના ભાજન !’ આપ કૃતકૃત્ય અને અમે અપૂર્ણ ! (છદ્મસ્થ). આપ વિષયવિકાર રહિત અને અમે વિષયવિકાર સહિત ! આપ અનાસક્ત - અમોહી અને અમે આસક્ત - મોહી ! આપ અચિંત્ય માહાત્મ્યવાન અને અમે ક્ષુલ્લક ! આપ પરમપ્રભાવક અને અમે પામર ! આપ નિષ્કામી અને અમે કામી ! આપ કરુણાસાગર અને અમે દયાપાત્ર ! આપ દેહને સંભારવો પડે એવા અને અમે આત્માને સંભારવો પડે એવા !

આ અને બીજા પણ આવા આપણી વચ્ચે ભેદ હોવા છતાં, એવો કયો સેતુ છે કે જે અમને આપના જેવા બનાવવા માટે સમર્થ છે ? વિચારતાં લાગે છે કે, એ સેતુ તો ભક્તિ અને સ્નેહનો સેતુ છે. આપના શરણનો સેતુ છે !

આપે કહ્યું છે ને કે, “ભક્તિ એ સર્વોપરી માર્ગ છે.” જેને નમન કરીએ તેના ગુણો આપણામાં આવે છે. તેથી અમે પરમ ભક્તિથી આપને નમસ્કાર કરીએ છીએ. અને કહીએ છીએ -


તમારા ચરણ અને તમારું શરણ,
તમારું જ્ઞાન અને તમારું ધ્યાન,
પૂર્ણપણે નહીં તો અંશે દેવા,
વિનવીએ તમને હે કૃપાળુદેવા !

ટીંપે ટીંપે સરોવર ભરાય, ચાલતાં ચાલતાં પંથ કપાય, ભક્તિ તમારી કરતાં કરતાં, અંશે અંશે પૂર્ણ થવાય અને છતાં અમને પૂર્ણ થવાની ઉતાવળ પણ ક્યાં છે ? અમને તો આપની ભક્તિ જ બહુ પ્રિય છે.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી



- "ધર્મ" એ વસ્તુ બહુ ગુપ્ત રહી છે. તે બાહ્ય સંશોધનથી મળવાની નથી. અપૂર્વ અંતર્‌સંશોધનથી તે પ્રાપ્ત થાય છે. તે અંતર્‌સંશોધન કોઈક મહાભાગ્ય સદ્‌ગુરુ અનુગ્રહે પામે છે. (પત્રાંક-૪૭)
- શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે, મર્મ કહ્યો નથી. મર્મ તો સત્પુરુષના અંતરાત્મામાં રહ્યો છે. (પત્રાંક-૫૮)
- બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે. (પત્રાંક-૭૬)
- સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી. (પત્રાંક-૧૨૮)
- કોઈ એક સત્પુરુષ શોધો, અને તેનાં ગમે તેવાં વચનમાં પણ શ્રદ્ધા રાખો. (પત્રાંક-૧૪૩)
- જેનું હૃદય શુદ્ધ, સંતની બતાવેલી વાટે ચાલે છે તેને ધન્ય છે. સત્સંગના અભાવથી ચઢેલી આત્મશ્રેણિ ઘણું કરીને પતિત થાય છે. (પત્રાંક-૧૫૭)
- સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં અનંત આગમ રહ્યાં છે, એ વાત કેમ હશે ?... ...કોઈપણ પ્રકારે સદ્‌ગુરુનો શોધ કરવો; શોધ કરીને તેના પ્રત્યે તન, મન, વચન અને આત્માથી અર્પણબુદ્ધિ કરવી; તેની જ આજ્ઞાનું સર્વ પ્રકારે નિઃશંકતાથી આરાધન કરવું; અને તો જ સર્વ માયિક વાસનાનો અભાવ થશે એમ સમજવું. (પત્રાંક-૧૬૬)
- કોઈ પણ પ્રકારે જીવ પોતાની કલ્પનાએ કરી સત્‌ને પ્રાપ્ત કરી શકતો નથી. સજીવનમૂર્તિ પ્રાપ્ત થયે જ સત્ પ્રાપ્ત થાય છે, સત્ સમજાય છે, સત્‌નો માર્ગ મળે છે, સત્ પર લક્ષ આવે છે. સજીવનમૂર્તિના લક્ષ વગર જે કંઈ પણ કરવામાં આવે છે, તે જીવને બંધન છે; આ અમારું હૃદય છે. (પત્રાંક-૧૯૮)
- અનંત કાળ સુધી જીવ નિજ છંદે ચાલી પરિશ્રમ કરે તોપણ પોતે પોતાથી જ્ઞાન પામે નહીં, પરંતુ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક અંતર્મુહૂર્તમાં પણ કેવળજ્ઞાન પામે. (પત્રાંક-૨૦૦)
- જેની (સત્) પ્રાપ્ત કરવાની દૃઢ મતિ થઈ છે, તેણે પોતે કંઈ જ જાણતો નથી એવો દૃઢ નિશ્ચયવાળો પ્રથમ વિચાર કરવો, અને પછી 'સત્'ની પ્રાપ્તિ માટે જ્ઞાનીને શરણે જવું; તો જરૂર માર્ગની પ્રાપ્તિ થાય. (પત્રાંક-૨૧૧)
- જ્ઞાનીપુરુષ અને પરમાત્મામાં અંતર જ નથી; અને જે કોઈ અંતર માને છે, તેને માર્ગની પ્રાપ્તિ પરમ વિકટ છે. (પત્રાંક-૨૨૩)
- મોટા પુરુષના સંગમાં નિવાસ છે, તેને અમે પરમ સત્સંગ કહીએ છીએ કારણ એના જેવું કોઈ હિતસ્વી સાધન આ જગતમાં અમે જોયું નથી, અને સાંભળ્યું નથી. (પત્રાંક-૨૪૯)
- મોક્ષ તો આ કાળને વિષે પણ પ્રાપ્ત હોય, અથવા પ્રાપ્ત થાય છે. પણ મુક્તપણાનું દાન આપનાર એવા પુરુષની પ્રાપ્તિ પરમ દુર્લભ છે; અર્થાત્ મોક્ષ દુર્લભ નથી, દાતા દુર્લભ છે. (પત્રાંક-૩૭૯)

# સંતકૃપાથી છૂટે માયા

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**

## સંતકવિ પ્રીતમદાસજીનો જીવનપરિચય



ભક્તિ અને જ્ઞાનથી સમૃદ્ધ પ્રીતમદાસ; ધીરો, રત્નો, ભોજો, નિષ્કુળાનંદ, પ્રેમાનંદની હરોળના મહિમાવન્ત તથા ઈષ્ટ પંથે દોરનાર કવિ, સંત, સાધુ હતા. ચરોતરમાં કરમસદ અને પેટલાદ વચ્ચેના નાનકડા સંદેશર ગામમાં કુંજબિહારીની ભક્તિમાં તેઓએ જીવન સમર્પિત કર્યું હતું. પ્રીતમનો જન્મ સૌરાષ્ટ્રના ચુડા રાણપુરમાં સં. ૧૭૭૪, ઈ.સ. ૧૭૧૮માં થયો હતો. તેમના પિતાનું નામ પ્રતાપસિંહજી હતું અને માતાનું નામ જેકુંવર હતું. તેઓ જ્ઞાતિએ બારોટ હતા. તેઓ પ્રજ્ઞાચક્ષુ હતા. પ્રીતમદાસનું પદ્યસર્જન વિવિધ અને વિપુલ છે. કક્કાવાર, મહિના, તિથિ, પદ, ધોળ, છપ્પા, સાખી તેમજ ગુરુમહિમા, નામમહિમા, જ્ઞાનપ્રકાશ, જ્ઞાનગીતા આદિ અનેક રૂપે ઉપલબ્ધ છે. તેમણે જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય અને તત્ત્વનો પ્રબોધ કર્યો છે. તેમની સમાધિ સં. ૧૮૫૪ ઈ.સ. ૧૭૯૮માં થઈ. તેઓશ્રીએ રચેલ પ્રસિદ્ધ પદની વિચારણા કરીએ :

**● સંતકૃપાથી છૂટે માયા :**

આ અમૂલ્ય મનુષ્યભવ માત્ર ખાવા-પીવામાં જ ચાલ્યો જાય તે ઉચિત નથી. કારણકે આવી રીતે તો ગધેડા અને કૂતરા પણ જીવી જાય છે. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે,

"બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ! ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો."

આ ભવમાં આપણે ચૈતન્યદેવનું જ્ઞાન કરવું, તેનો અનુભવ કરવો અને તેવું કરવા માટે સો કામ મૂકીને પણ સત્સંગ કરવો. સંતો તો કરુણાના સાગર છે. તેમની કૃપા આપણા ઉપર હંમેશાં વરસતી રહે છે. કારણકે તેમના માટે તો કોઈ પારકું કે પોતાનું હોતું નથી. જે જીવ પાત્ર હોય, જેનામાં સદ્ગુણો હોય, જે ભક્તિભાવથી પરમાત્માનું ભજન કરે તેમના ઉપર સંતોની વિશેષ કૃપા વરસે છે. સંતો નિર્ભય હોય છે. તેઓ જંગલમાં હિંસક પશુઓની વચ્ચે પણ રહે છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ પત્રાંક ૨૫૪ના શીર્ષકમાં કહ્યું છે કે,

"નિઃશંકતાથી નિર્ભયતા ઉત્પન્ન હોય છે;
અને તેથી નિઃસંગતા પ્રાપ્ત હોય છે."

સંતોના હૃદયમાં અહિંસા, પ્રેમ અને સર્વ જીવો પ્રત્યે કરુણા હોય છે. તેમની પાસે સિંહ, વાઘ આદિ સર્વ પ્રાણીઓ શાંત થઈ જાય છે. અહો ! એ અંતર્મુખ ધર્માત્માની કૃપા !!! આવા સદ્ગુરુદેવને કોટિ કોટિ વંદન.

**● કાયા નિર્મળ થાય જોને :**

કાયા નિર્મળ થાય એટલે આ સપ્તધાતુયુક્ત શરીર નહિ. કારણકે આ શરીરને તો તમે ગમે તેટલા અત્તર લગાવો તો પણ થોડીવાર પછી તેમાંથી દુર્ગંધ જ નીકળશે. આપણો આત્મા જ્ઞાનસ્વરૂપ છે. તે જ્ઞાનશરીરની અહીં વાત કરી છે. જેમ જેમ સંતોનો બોધ આપણા આત્મામાં પરિણમતો જાય તેમ તેમ અજ્ઞાનરૂપી મળ દૂર

થતો જાય અને ક્ષમા, વિનય આદિ સદ્‌ગુણોના પ્રાગટ્યથી આત્મા પવિત્ર - નિર્મળ બનતો જાય છે.

**● શ્વાસોચ્છ્‌વાસે સ્મરણ કરતા, પાંચે પાતક જાય જોને.**

બધા આર્યદર્શનોમાં પાંચ મોટા પાપ કહ્યાં છે : (૧) હિંસા, (૨) જૂઠ, (૩) ચોરી, (૪) કુશીલ, (૫) પરિગ્રહ.

સાચું સુખ શેમાં છે તેની જ આપણને હજુ ખબર નથી અને એટલે જ દુનિયાભરની વસ્તુઓ એકઠી કરવામાં આપણે સુખ માનીએ છીએ ! પણ પરિણામ તેનાથી અવળું મળે છે. જેટલો પરિગ્રહ વધારે તેટલું દુ:ખ, આકુળતા વધારે. માટે આપણે આપણા જીવનમાં રોટી, કપડાં, મકાન, આરોગ્યવર્ધક વસ્તુઓ અને સામાન્ય જીવન જીવવા માટેની જરૂરી વસ્તુઓ સિવાય ઘણી વસ્તુઓ એકઠી કરવી નહીં. જીવનમાં સુખી થવા માટે અને તૃષ્ણા ઘટાડવા માટે સંતોષી બનવું. જેઓ પોતાના સ્વરૂપમાં જ પરિપૂર્ણ સંતુષ્ટ છે એવા પૂર્ણ સંતોષી પરમાત્માને નિરંતર યાદ કરવા. બહેનોએ લોટ બાંધતા કે રોટલી કરતાં કરતાં ભગવાનનું નામ લેવું. બાબલાને નવડાવો ત્યારે બાબલાને ભગવાનનું રૂપ જાણી તેની સેવા કરવી. આમ, ખાતાં-પીતાં, હરતાં-ફરતાં, સૂતાં-જાગતાં, મંત્રજાપ કરવો. આપણે સૂતી વખતે પણ ભગવાનનું નામ લેવું, જેથી ઊંઘમાં પણ ભગવાનનું નામ ચાલુ રહે.

આપણે બધા ચૈતન્ય આત્મા છીએ. તે જ્યાં સુધી શરીરમાં હોય ત્યાં સુધી જ તેને બધા સંઘરે, નહિ તો થોડા વખતમાં શરીરને બાળી નાખે છે. માટે સંતો કહે છે કે,

"ઘડી ઘડી પલ પલ સદા, પ્રભુ સ્મરણ કો ચાવ,
નરભવ સફલો જો કરે, દાન શીલ તપ ભાવ."

ભગવાનના નામ સિવાય આપણા જીવનમાં બીજું કોઈ વ્યસન હોવું જોઈએ નહિ. મનુષ્ય જન્મથી મહાન નથી બનતો પણ કર્મથી મહાન બને છે.

**● કેસરી કેરે નાદે નાશે, કોટી કુંજર જૂથ જોને,**

જંગલમાં મોટા હાથીઓનું ટોળું જતું હોય અને સિંહ મોટી ત્રાડ પાડે તો તે આખું ટોળું વિખેરાઈ જાય છે, તેમ આપણે પણ પરમાત્માનું નામ જો ભાવપૂર્વક લઈએ તો સર્વ અશુભ વિચારો, પાપકર્મો પણ વિખેરાઈ જાય છે.

**● હિંમત હોય તો પોતે પામે, સઘળી વાતે સૂધ જોને.**

દુનિયાનું સૌથી મોટું કાર્ય એ પરમાત્માના દર્શન કરવા તે છે. પછી ભગવાન પોતે તમને કહેશે કે ભાઈ ! તું જ પરમાત્મા છે. જે પરમાત્માને ભજે છે તે પોતે જ પરમાત્મા થઈ જાય છે ! આત્મા સો પરમાત્મા. વેદોમાં પણ એમ કહે છે કે,

(૧) **अयं आत्मा ब्रह्म** । (૨) **प्रज्ञानम् ब्रह्म** । (૩) **तत्वमसि** । (૪) **अहं ब्रह्मास्मि** ।

મંદિરમાં જે ભગવાન છે તે તો વ્યવહારથી છે, નિશ્ચયથી ભગવાન તો હૃદયમાં જ છે. તે ભગવાન આત્મા આ દેહમાં જ છે તે કેવી રીતે ખબર પડે ? તો ભાઈ ! આ શરીરમાં ગમે ત્યાં તમે ચૂંટલી ભરો તો તમને વેદના થશે. તે વેદનાને જે જાણે છે તે ભગવાન આત્મા છે. તે પરમાત્માની સમીપ જવા માટે દરરોજ ૧૦ મિનિટ પરમાત્માનું ભાવપૂર્વક સ્મરણ કરવાનો નિયમ રાખવો. ઘરમાં નાનું મંદિર રાખવું અને ઘરમાંથી જ્યારે પણ બહાર નીકળીએ ત્યારે તેમનું સ્મરણ કરીને જ નીકળવું જોઈએ.

**● અગ્નિને ઊધઈ ના લાગે, મહામણિને મેલ જોને.**

અગ્નિને કદી ઊધઈ લાગતી નથી તથા

મહામણિને ક્યારેય મેલ લાગતો નથી. કેમકે તે સ્વયં જ એટલા તેજસ્વી તથા પ્રકાશયુક્ત હોય છે. તેવી રીતે જેમણે પૂર્ણ સ્વભાવભાવને પ્રગટ કર્યો છે તેવા પરમાત્માને કર્મોરૂપી મેલ લાગતો નથી તથા જેઓ તેમનો આશ્રય લે છે તેમનો આત્મા પણ નિર્મળ બનતો જાય છે.

**● અપાર સિંધુ મહાજલ ઊંડા,**
**મરમીને મન સહેલ જોને.**

મોતી તો મધ્ય દરિયે ઊંડા પાણીમાં જ હોય, પણ આજે તો કોઈને મોતી જોઈતા નથી પણ માછલાં, શંખલાં અને છીપલાં જ જોઈએ છે ! મહાન ધ્યેય માટે મહાન પુરુષાર્થ કરવો જોઈએ. મહાવીર ભગવાને અંતરંગમાં પડેલ કામ, ક્રોધ આદિ શત્રુઓને મારી નાખ્યા એટલે તેઓ મહાન બન્યા. રામે રાવણરૂપી અહંકારને માર્યો એટલે તેઓ મહાન બન્યા. આ રીતે સાધનાનો મર્મ જાણીને પુરુષાર્થ કરવો જોઈએ.

**● બાજીગરની બાજી તે તો, જંબૂરો સૌ જાણે જોને,**
**હરિની માયા બહુ બલવંતી, સંત નજરમાં નાણે જોને.**

જાદુગરની બધી બાજીઓનું રહસ્ય તેની સાથે રહેતો જંબૂરો જાણતો હોય છે, તેમ જે કામ, ક્રોધ, અહંકારાદિ છે, જેના આવરણને લીધે જીવ સ્વ-પરનું ભાન ભૂલે છે. સંતો કહે છે કે,

મારું મારું કરીને મરતો, ન્યાય નીતિમાં ડગ નવ ધરતો,
પાપતણું કાં ભાથું ભરતો, એકલો આવ્યો એકલો જાવું.

સંતો કહે છે કે ભાઈ ! તું જેને 'મારું-મારું' કહે છે તેનો વિયોગ નક્કી છે. ભગવાનના ભક્ત આ માયાને ગુરુકૃપાથી, સાધનાથી, પવિત્રતાથી, ક્ષમા, વિનય, સરળતાથી જીતી લે છે. સાચો સત્સંગ કરવાથી જીવ પોતે જ પરમાત્મા થઈ જાય છે.

**● સંત સેવતાં સુકૃત વાધે, સહેજે સીજે કાજ જોને,**
**પ્રીતમના સ્વામીને ભજતાં, આવે અખંડ રાજ જોને.**

જે મરવાથી ડરે નહિ તેને જ ભગવાન મળે. આપણે પણ નિર્ભય થવા માટે પરમાત્માનું નામ દરરોજ ભાવપૂર્વક ઓછામાં ઓછું ૩૨ વાર લેવું જોઈએ. સદ્‌ગુરુના ગુણોને ગાતાં તથા તેમની સેવા-સેવન કરતાં કરતાં આપણું જીવન બદલાવું જોઈએ. આપણા જીવનમાં સારાં સારાં કાર્યો થવાં જોઈએ. સેવા કરવામાં તત્પરતા આવવી જોઈએ. કપડાં બદલવાથી સંત ન થવાય પણ હૃદય બદલાય ત્યારે સંત બનાય છે. ભક્તોના કાર્ય ભગવત્‌કૃપાથી સહેજે સીજે છે. ભગવાન રામ પ્રેમને આધીન થઈ શબરીના ઘરે પધારે છે. દ્રૌપદીના સાચા સમર્પણભાવને લીધે શ્રીકૃષ્ણ તેમના ચીર પૂરવા દોડીને આવ્યા, નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારી.

આમ, પ્રીતમદાસજી કહે છે કે આવા મારા સ્વામીને જે કોઈ ભવ્યજીવ ભજે છે, તેમની ભક્તિ કરે છે તેમને સહજ સમાધિ, ભક્તિની ભાષામાં પરાભક્તિની પ્રાપ્તિ થાય છે.

## જીવનની વાસ્તવિકતા

- **પૈસાની પાછળ પરમાત્મા ભુલાઈ જતા હોય છે.**
- **વિલાસની પાછળ વીતરાગ વિસ્મૃત થઈ જતા હોય છે.**
- **રાગની પાછળ ત્યાગ અદૃશ્ય થઈ જતો હોય છે.**
- **ભોગની પાછળ યોગ એક બાજુ રહી જાય છે.**
- **સંતાનની પાછળ સંતનું મહત્ત્વ ઘટી જાય છે.**
- **દૂરદર્શન (TV) પાછળ પ્રભુદર્શન યાદ આવતું નથી.**
- **સિનેમા-નાટક પાછળ સ્વાધ્યાય (અભ્યાસ) ખતમ થઈ જાય છે.**
- **ક્રિકેટ કોમેન્ટરીની પાછળ ધર્મક્રિયા, ધર્મની આરાધના ભુલાઈ જાય છે.**

પરમનો સ્પર્શ - ૫૯

# આપણા આત્માની સાક્ષીએ

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

અત્યારે, આ ક્ષણે, તમે શું વિચારો છો ? તમારા મનમાં ચાલી રહેલા એ વિચાર, તરંગ કે ખ્યાલને બરાબર પકડી રાખો અને પછી એનું સૂક્ષ્મ અને તટસ્થપણે પૃથક્કરણ કરવા લાગી જાવ. મનમાં જેનો વિચાર કરીએ છીએ, તે બાબત જ આપણા વ્યક્તિત્વને પ્રતિબિંબિત કરે છે. મનમાં ચાલતો એ વિચાર એ વ્યક્તિની યથાર્થ ઓળખ બની રહે છે.

જીવનમાં સૌથી મહત્ત્વની બાબત તમારો 'માઇન્ડ સેટ' છે. તમારી ચિત્તની દિશા એ જ તમારી વિચારસૃષ્ટિની પરિચાયક છે. જો ચિત્તમાં શુભભાવ હશે, તો ઊર્ધ્વજીવનના વિચારો આવશે અને જો ચિત્તમાં વાસના કે વિકાર હશે, તો એની તૃપ્તિ માટેની ઝંખના અને એની પ્રાપ્તિ માટેની એષણાઓ મનમાં દોડાદોડ કરતી હશે. આનો અર્થ જ એ કે વ્યક્તિએ જે પામવું છે, તે તરફ એના ચિત્તને રાખવું જોઈએ. જો એનું ચિત્ત આત્માના વિચારોમાં ડૂબેલું હશે, તો એ સાહજિક રીતે આત્મસામીપ્ય અને ઊર્ધ્વતા પામશે.

માનવી પાસે શરીર, મન અને આત્મા - એમ ત્રણ બાબત છે. એના જીવનમાં સ્વસ્થતાની દૃષ્ટિએ શરીરનું મહત્ત્વ છે. જપ, તપ કે ઉપવાસ કરવા હોય, તો પણ શરીરનો બાંધો મહત્ત્વનો છે, આથી જ ધર્મશાસ્ત્રોએ શરીરને ધર્મના સાધન તરીકે ઓળખાવ્યું છે. માણસ એના જીવનનો ઘણો મોટો ભાગ પોતાના શરીરની ચિંતામાં ગાળે છે. એમાં પણ યુવાનીમાંથી વૃદ્ધત્વ તરફ ગયેલા માણસને રોજેરોજ શરીરની ફરિયાદ રહેતી હોય છે અને એનું ચિત્ત પણ શરીરની ચિંતાથી ઘેરાયેલું રહે છે. બીજું તત્ત્વ છે મન, કે જે નિરંકુશ બનીને સતત દોડતું રહે છે અને માણસનું કાર્ય જ એ છે કે એ મનને અંકુશમાં રાખે અને એ રીતે પોતાના જીવનને યોગ્ય ગતિ આપે. આ મન ક્યારેક હતાશા અનુભવે છે, તો ક્યારેક નિરાશામાં ડૂબી જાય છે. એ ક્યારેક પ્રસન્ન થઈ જાય છે, તો ક્યારેક એને અકળામણનો પાર હોતો નથી. આવે સમયે મનને જે ભાવોમાં લીન રાખ્યું હોય તે ભાવોનો અનુભવ થાય છે.

માનવી શરીરનો વિચાર કરે છે, મનનો વિચાર કરે છે, પરંતુ એનું સૌથી મોટું દુર્ભાગ્ય એ છે કે એ આત્માનો વિચાર કરતો નથી. એ ક્યારેય પોતાના આત્માના ખબરઅંતર પૂછતો નથી. ઘણી વ્યક્તિઓ તો એવી હોય છે કે જેઓ શરીરની આસપાસ કે મનમાં એટલી બધી ડૂબેલી હોય છે કે એમને પોતાનામાં આત્મા છે એવો અણસાર પણ હોતો નથી ! આવી વ્યક્તિઓ આત્મઓળખ ચૂકી જાય છે અને જીવનની વ્યર્થતામાં રમમાણ રહે છે. એને લાગે છે કે આજ સુધીનું એનું જીવન વ્યર્થ ગયું, કારણ કે એને પોતાના આત્માનો પરિચય જ સાંપડ્યો નહીં.

સંત કવિ દેવાનંદ સ્વામી કહે છે કે,

"નર દેહ ગયે દુઃખ પાયે,
પ્રભુ ભજન વિના પછતાયે
શ્વાન સુકર તનુ ધારી કે મૂરખ,
વન વન ભટકાવે."

'માણસ મૃત્યુ જોઈને દુઃખ અનુભવે છે. આખી જિંદગી ભૌતિક બાબતોમાં પસાર થઈ ગઈ એનો પસ્તાવો પામે છે અને આમે ય આવી વ્યક્તિનો એ પછીનો જન્મ વનવનમાં ભટકતા પ્રાણી રૂપે થાય છે.'

આવી પરિસ્થિતિનું કારણ શું ? એનું કારણ એ કે આ પ્રકારની વ્યક્તિએ પોતાના મન પર કાબૂ રાખ્યો નહોતો. મનમાં કેવા વિચાર આવે છે એની ચિકિત્સા કરવી જોઈએ. મનમાં સુવિચાર આવે છે કે કુવિચાર? એ જોવું જોઈએ, કારણ કે આપણો દુશ્મન આપણી ભીતરમાં વસતો હોય છે.

જો માણસ સારા માર્ગે ચાલે તો એનું જીવન આપોઆપ ઉત્કૃષ્ટ બનતું હોય છે અને નઠારા માર્ગે ચાલે તો એનું જીવન નિકૃષ્ટ અને દુઃખમય બનતું હોય છે. માણસની ભીતરમાં જ દેવ અને દાનવ વસતા હોવાથી દેવ એને સારે માર્ગે અને દાનવ એને અવળે માર્ગે ગતિ કરાવે છે. માણસની ભીતરમાં સાચું બોલનારો અને જૂઠું બોલનારો એમ બંને પ્રકારના માણસો વસે છે. આ જૂઠું બોલનારો માણસ એ ધીરે ધીરે બીજાની છેતરપિંડી કરવાનું શીખવતો હોય છે અને એનું એક જ કામ હોય છે કે એ મનમાં ખોટા, અહિતકર અને દુષ્ટ વિચારોને જન્મ આપીને ઉછેરવાં. ઘણીવાર દિલમાં વસતા દાનવને માણસ પોતાના જીવનની ચાવી આપી દે છે અને એને પરિણામે એનું જીવન દુષ્ટ, અધમ કે અનાચારી માનવીનું જીવન બની રહે છે.

સદાચારી બનવું હોય, તો પણ દુરાચારને ઓળખવો પડશે. દેવને જાણવો હશે તો દાનવના રૂપને ઓળખવું પડશે. સત્યને પામવું હશે તો અસત્યની લીલા સમજવી પડશે. આવું થશે તો જ વ્યક્તિ સદાચારી અને સત્યનિષ્ઠ રહી શકશે.

વંચના, વાસના, વિષયકષાયમાં રહેનારી વ્યક્તિઓ એક પ્રકારના સ્વપ્નલોકમાં જીવતી હોય છે. એમણે પોતાની આગવી કલ્પનાસૃષ્ટિ સર્જી હોય છે. વિષયપ્રેમી વ્યક્તિ સદૈવ પોતાના વિષયીપાત્ર અંગે મનમાં કામી કલ્પના ઘડતો હોય છે. લોભી વ્યક્તિ જે કંઈ પ્રાપ્ત કરવાનું હોય, એને વિશે મનમાં તરંગોના ઘોડા પર સવાર થઈને દોડતો હોય છે. બીજાની છેતરપિંડી કરનારી વ્યક્તિ એમ માને છે કે એની છેતરપિંડીની કોઈને જાણ નહીં થાય અને એ વિચારે એ બનાવટ કે છેતરપિંડીના જગતમાં વધારે ને વધારે ઊંડો ખૂંપતો જાય છે.

મનમાં જો ખરાબ વિચારો પેસી ગયા તો મન કલુષિત બની જશે. આથી જ વ્યક્તિએ ખૂબ આક્રમક (ઍગ્રેસીવ) બનીને આ દુષ્ટ વિચારોને રોકવા પડશે. એણે પોતે, પોતાના મનમાં કેવા વિચારોને સ્થાન આપવું છે એ વિશે અહર્નિશ જાગ્રત રહેવું પડશે. એ જાણે છે કે જો આ દુષ્ટ કષાયયુક્ત વિચારો ચિત્તમાં પ્રવેશી ગયા, તો એમને સમગ્ર ચિત્ત પર પ્રભુત્વ મેળવતા વાર નહીં લાગે. અને જો એ વિચારો સમગ્ર ચિત્ત પર છવાઈ જશે, તો એની આખીય માનસસૃષ્ટિ, વિચારધારા, જીવનપદ્ધતિ - એ સઘળામાં એ પ્રકારના વિચારો પ્રબળ બની રહેશે.

આથી પહેલી ચોકી મનમાં જાગતા વિચારોની રાખવાની છે. મનમાં હિંસા પ્રવેશી એટલે એ આચરણમાં પ્રવેશ પામશે. મનમાં દ્વેષ જાગ્યો, એટલે ધીરે ધીરે એ કાર્યમાં પ્રવર્તશે. મનમાં વાસના ઊઠી, તો ક્રમશઃ એ આચરણમાં પ્રતિબિંબિત થશે. જોકે એ હકીકત છે કે મનમાં રહેલું સઘળું આચરણમાં પ્રગટ થતું નથી. મનમાં રહેલું થોડુંક જ આચરણમાં પ્રગટ થાય છે. બીજું ઘણું બધું મનમાં પડ્યું હોય

છે. આનો અર્થ જ એ કે આચરણ તો અયોગ્ય છે જ, પરંતુ એથીય વધારે અયોગ્ય અને ત્યાજ્ય તો આ વિચાર છે. એ વિચારને, એ ભાવને મારે મારા ચિત્તમાંથી ડામી દેવો જોઈએ, કારણ કે એ જ અંતે જીવનમાં દુ:ખદાયી બનતો હોય છે.

આપણા જીવનમાં આવતાં દુ:ખો પ્રત્યે આપણે પારાવાર વંચના કરીએ છીએ. આપણા આત્માની સાક્ષીએ એ દુ:ખોને તપાસવાને બદલે એને જુદાં જુદાં કારણોનાં વાઘા પહેરાવીએ છીએ. દુ:ખ આવી પડતાં તરત જ પહેલી વાત એ સાંભળવા મળશે કે આ તો મારાં કર્મોનું ફળ છે. હકીકતમાં આને કર્મોનું ફળ માનનાર પુરુષાર્થના મહત્ત્વની ઉપેક્ષા કરે છે. શ્રી યોગવશિષ્ટ મહારામાયણમાં પુરુષાર્થ વિશે કહ્યું છે, "જે પુરુષનો પુરુષાર્થ પ્રબળ હોય છે તે જ સર્વદા જીતે છે."

કેટલાંક પોતાના પર આવેલા દુ:ખને માટે કળિયુગ કે પંચમકાળને દોષિત ઠેરવે છે. હકીકતમાં કોઈ યુગ ખરાબ હોતો નથી. માત્ર વ્યક્તિના ખોટાં કાર્યોને કારણે આપત્તિ આવતી હોય છે. આ રીતે જો સાધકે પોતાનો 'માઇન્ડ સેટ' બરાબર રાખ્યો હોય, તો સાધનામાં એની આપોઆપ ગતિ થશે અને વિશેષ તો એનો આત્મા સાધનામય બની રહેશે.

---

# ક્ષમાપના

- શ્રી વલભજી હીરજી

**"એક પળ પણ તમારા કહેલાં તત્વની શંકા ન થાય, તમારા કહેલાં રસ્તામાં અહોરાત્ર હું રહું એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ."**

સમાધાનરૂપી પ્રતિક્રમણની વિધિ પૂરી થઈ. ફરી પાછા આવા કર્મબંધનની પ્રવૃત્તિ ન થાય તેનું પ્રત્યાખ્યાન કરવું બહુ જરૂરી છે. નિ:શંકતા એ સમક્તિનો પહેલો ગુણ છે. શંકારહિત સમકિતીને રાત-દિવસ પુરુષાર્થ જાગે. આત્મામાં વૃત્તિ લાગી રહે. એમ એ રીતે મોક્ષમાર્ગમાં વર્તું એવું માગ્યું. હવે ભક્તિકર્તવ્ય અને ધર્મકર્તવ્યનો ભેદ સૂક્ષ્મતાથી સમજીએ. સત્પુરુષની આજ્ઞાએ સ્તુતિ, નિત્યનિયમ, સ્વાધ્યાય વગેરે કરવાં તે ભક્તિ છે. અને તે કરતાં જે આત્મહિતના વિચાર આવે, કષાયની મંદતા થાય, આત્માના પરિણામ સ્થિર થાય તે ધર્મ છે. દેહને અંગે બીજા કાર્યમાં પ્રવર્તવું પડે ત્યારે અને રાત્રે નિદ્રામાં પણ ભાવના તો આત્માર્થ કરવાની રહે એમ લક્ષ રાખવો, એમ ભગવાનની આજ્ઞામાં - ધર્મધ્યાનમાં પ્રવર્તાય એ જ અમારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ. એટલે મારી સર્વ ઈચ્છા અને વર્તન મોક્ષ માટે જ છે.

અનાદિકાળથી આજ પર્યંત સંસારસાગરમાં ડૂબતો રહ્યો. સર્વત્ર રખડી, રઝળી હવે દૃઢ નિર્ણય પર આવ્યો છું કે એક પળ પણ તમારા પ્રરૂપિત તત્ત્વોની શંકા ન રહે. આપની આજ્ઞા અનુસાર નિરંતર વર્ત્યા કરું. આપની ભક્તિઉપાસના દ્વારા આપના માર્ગની ઉપાસના કરું એ જ અભિલાષા છે.

સંવેગભાવપૂર્વક આત્માની એક જ રઢ છે કે સહજ સ્વભાવ સ્થિતિમાં પ્રતિષ્ઠા થાઓ. દરેક સમયે આત્માની - નિજ શુદ્ધાત્માની - ભગવાન આત્માની સ્મૃતિ રહે. સર્વ ક્રિયાઓ એના જ આશ્રયે થાય. માત્ર જાણવા જેવો, માનવા જેવો, શ્રદ્ધા કરવા જેવો, અનુભવવા જેવો આ શુદ્ધાત્મા જ છે - આવી વૃત્તિ થાઓ. આ સાચી આકાંક્ષા છે. **(ક્રમશ:)**

• • •

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્ર - અમૃતરસપાન

(ક્રમાંક - ૧૮)

**પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)**

દેહાતીત વિદેહીદશાધારી પરમકૃપાળુદેવ પત્રાંક ૫૧૦માં લખે છે, "પુત્રાદિ સંપત્તિમાં જે પ્રકારે આ જીવને મોહ થાય છે તે પ્રકાર કેવળ નીરસ અને નિંદવા યોગ્ય છે. જીવ જો જરાય વિચાર કરે તો સ્પષ્ટ દેખાય એવું છે કે, કોઈને વિષે પુત્રપણું ભાવી આ જીવે માઠું કર્યામાં મણા રાખી નથી, અને કોઈને વિષે પિતાપણું માનીને પણ તેમ જ કર્યું છે, અને કોઈ જીવ હજુ સુધી તો પિતાપુત્ર થઈ શક્યા દીઠા નથી. સૌ કહેતા આવે છે કે આનો આ પુત્ર અથવા આનો આ પિતા, પણ વિચારતાં આ વાત કોઈ પણ કાળે ન બની શકે તેવી સ્પષ્ટ લાગે છે. અનુત્પન્ન એવો આ જીવ તેને પુત્રપણે ગણવો, કે ગણાવવાનું ચિત્ત રહેવું એ સૌ જીવની મૂઢતા છે, અને તે મૂઢતા કોઈ પણ પ્રકારે સત્સંગની ઈચ્છાવાળા જીવને ઘટતી નથી." પરમકૃપાળુના શબ્દરત્નો મોહભાવની વિવશતાને વ્યક્ત કરે છે. રાગ-દ્વેષ અને અજ્ઞાનથી જીવનો વ્યામોહ અનંતાનુબંધીમાં ધકેલી દે છે. મિથ્યાત્વના મોટા દોષને જીવે સામાન્ય કરી દીધો છે. પ્રથમ મિથ્યાત્વનું છેદન કર્તવ્ય રૂપ આવશ્યક ક્રિયા છે.

આપણે શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત 'સમાધિતન્ત્ર' ગ્રંથનું અમૃતરસપાન આસ્વાદી રહ્યા છીએ. શ્લોક દસમાં આપણે વિચાર્યું કે સ્વદેહને આત્મા માનનાર બહિરાત્મા અન્યના દેહને આત્મા માનીને સુખી-દુઃખી થાય છે. ભેદજ્ઞાની ન થતાં એકત્વબુદ્ધિથી ચારગતિમાં ભમ્યા કરે છે. આ મહાદોષને વધારે દઢ સમજાવે છે. શ્રી પૂજ્યપાદ આચાર્ય શ્લોક અગિયારમાં વધારે સમજણ આપીને જણાવે છે કે મિથ્યાત્વ નામના મહાદોષને જે દૂર નથી કરતાં તે વિભ્રમને સેવે છે અર્થાત્ તેઓ વિભ્રાન્ત રહી પરિભ્રમણને પામે છે.

**स्वपराध्यवसायेन देहेष्वविदितात्मनाम् ।**

**वर्तते विभ्रमः पुंसां पुत्रभार्यादिगोचरः ॥११॥**

**પદ્ય :** સ્વ-પર દેહમાં આત્મા, અજ્ઞાની આમ માનતો,

પડી વિભ્રમમાં પોતે, પુત્ર ભાર્યાદિ, ભાવતો.

**અન્વય :** अविदित आत्मनाम् पुंसां देहेषु स्व-पर-अध्यवसायेन पुत्र-भार्यादि गोचरः विभ्रमः वर्तते ।

**શબ્દાર્થ :** अविदित आत्मनाम् = આત્મ સ્વરૂપથી અજ્ઞાત; पुंसां = પુરુષોને; देहेषु = શરીરોમાં; स्वपर अध्यवसायेन = પોતાની અને પરની આત્મબુદ્ધિના કારણે; पुत्रभार्या आदि गोचरः = પુત્ર-ભાર્યા આદિના વિષયમાં; विभ्रमः वर्तते = વિભ્રમ વર્તે છે.

**ભાવાર્થ :** આત્માના સ્વરૂપથી અજ્ઞાત પુરુષોને શરીરોમાં પોતાની અને પરની આત્મબુદ્ધિને કારણે પુત્ર-સ્ત્રી આદિના વિષયમાં વિભ્રમ અર્થાત્ પાગલપણું વર્તે છે.

**વિશેષાર્થ :** શ્રી પૂજ્યપાદ આચાર્ય વિપરીત માન્યતાને કારણે જીવ કેવી કેવી ગતિને પામે છે અને વિભ્રમ સેવી શી સ્થિતિને પામે છે તે પ્રગટ કરે છે. આત્મનું જેને જ્ઞાન નથી, ઓળખાણ નથી તેવા અજ્ઞાની બહિરાત્મા પોતાના દેહને પોતાનું સ્વરૂપ માને છે, બીજાના દેહને આત્મરૂપ માને છે. અજ્ઞાનીની બધી પ્રવૃત્તિ આ જ સમજણને આધારે

થતી હોય છે. જે માન્યતાને આ શ્લોકમાં વિભ્રમ કહીને સમજાવે છે. વિભ્રમ અર્થાત્ ગાંડપણ - પાગલપન.

**अविदितात्मनाम् पुंसां** = આત્મતત્ત્વને નહિ જાણનારા અજ્ઞાની પુરુષોને હું કોણ છું ? ક્યાંથી થયો ? શું મારું સ્વરૂપ છે ? એવી આત્મા વિષેની અજ્ઞાનતા વર્તે છે. તેઓ અન્ય દેહોમાં આત્મબુદ્ધિ સેવે છે. શરીરના સંયોગ અને વિયોગની અપેક્ષાએ જન્મમરણ હોય છે. પણ અજ્ઞાની પોતાના જન્મ મરણ માની હું જન્મ્યો, હું મરીશ એમ માને છે. બીજું કે શરીરની અપેક્ષાએ અન્ય જીવો સાથે સંબંધ હોય છે. **દા.ત.** જેનાથી વિદ્યમાન શરીરનો જન્મ થયો તેને પોતાના માતા-પિતા માને છે. એ માન્યતાને આધારે ભવ પૂરો કરે છે. આ પુરુષો આત્માને જાણતા નથી.

**देहेषु** = અન્યના દેહોમાં આત્મબુદ્ધિ સેવે છે. પોતાની અને પરની આત્મબુદ્ધિને કારણે અન્યના દેહોમાં મમત્વભાવ સેવીને - 'પુત્ર-પત્ની મારાં છે' એવી વિપરીત માન્યતા બહિરાત્માની હોય છે.

**पुत्रभार्यादि गोचरः** = અજ્ઞાની જીવ પુત્ર - ભાર્યા આદિને પોતાના માની રાગી - દ્વેષી થાય છે. સ્ત્રી-પુત્ર-મિત્ર આદિ પર હોવા છતાં પોતાના માને છે. પુત્ર મોટો થશે ત્યારે અમારું ધ્યાન રાખશે, પત્ની કહ્યામાં છે, મિત્ર મને ઉપકારક થશે, મારી પાસે સંપત્તિ છે. તે જ્યારે રોગ આવશે ત્યારે કામ આવશે - વેપારાદિમાં તેનો ઉપયોગ થશે વગેરે માન્યતાઓ તે ધરાવે છે. બહિર્તત્ત્વને અંતઃતત્ત્વ સમજી બહિરાત્મા રાગ-દ્વેષમાં જીવે છે. શ્રી આચાર્યદેવ સમજાવે છે કે તારું આ અજ્ઞાનપણું છે તેને છોડ અને આત્મસ્વરૂપનો સેવક થા. અનાદિકાળથી જે ભ્રમણામાં જીવે છે તેને ત્યજ. સદાકાળ સુખી બનીશ.

મોહી જીવોની માન્યતા છે કે આ બધા મારા ઉપકારી છે. ખરેખર પર પદાર્થ કેવી રીતે ઉપકારી બની શકે ? ટીકાકારે પુત્ર, ભાર્યા આદિ શબ્દથી સ્ત્રી-પુત્ર-પિતા-માતા-મિત્ર સાથે સાથે ઘર-બાર-બાહ્ય સંપત્તિ-ધન-ધાન્ય આદિને ઉપકારક માન્યા છે તેની સ્પષ્ટતા કરી છે. માતા-પિતાથી જન્મ થયો અને મિત્રો સાથે હર્યો ફર્યો. રમણી સાથે રહ્યો. શરીરને રમાડે તે રમણી પણ જ્યારે ભાન થાય ત્યારે તે જ રમણીને કહે કે હવે મને ભાન થયું છે કે હું તો ચૈતન્ય પુંજ છું. આનંદમાં રમનારો છું. આચાર્યદેવ 'પ્રવચનસાર'માં કહે છે કે શરીરને રમાડનારી રમણી તે નહિ. જ્યારે રાજકુમાર મુનિત્વભાવને સેવે છે ત્યારે બોલે છે - હું હવે આત્મરમણીમાં રમવા જાઉં છું. હે પત્ની ! હે રમણી ! મને રજા આપ - મારું આ શાશ્વત સ્થાન નથી. અનંત જ્ઞાન-દર્શન-સુખ-વીર્ય એવા અનંત લક્ષ્મીધારક આનંદમાં રમવા જાઉં છું. શાશ્વતી આનંદની ધારામાં રમવા જાઉં છું. હું તો શિવરમણી રમનાર છું એવી શ્રદ્ધા અંતરાત્મા ભાવે છે અને પરમાત્મા થાય છે.

**पुसां विभ्रमः वर्तते** = બહિરાત્મા વિભ્રાન્ત હોય છે. પુત્ર - સ્ત્રી-પિતા-માતા પ્રત્યે વિભ્રમ વર્તે છે. પુત્રના દેહને તેનું સ્વરૂપ માનવાથી તેને જોઈને પ્રસન્ન થાય છે. તેના દેહાદિની ચિંતા કરે છે. રોગ થાય તો દુઃખી થાય છે. રોગ મટે તો સુખી થાય છે. આવી જ માન્યતા ધન-ધાન્યાદિમાં વર્તે છે. બહિરાત્માને-આત્મધર્મ છે, તેની પ્રાપ્તિના ઉપાય છે, સદ્‌ગુરુ નિશ્રાએ પામી શકાય - એવું જ્ઞાન વિચારણામાં પણ આવતું નથી. પાગલની જેમ માત્ર જીવ્યે જાય છે.

દૃષ્ટાન્ત છે - એક પાગલ વ્યક્તિ નદીના કિનારે રહ્યા કરે. મુસાફરો આવે ને જાય. તેની માન્યતા એવી કે હું કહું એટલે આવે છે અને જાય છે. એક વાર એવું બન્યું કે રાજા તેના હાથી -

અશ્વો - રથો સાથે નીકળેલો હતો. અહીં આવતાં નદીનો કિનારો જોયો. પાણી મળશે તેમ હોવાથી રાજાએ પડાવ નાખ્યો. હાથી-અશ્વો-રથાદિ બધા ત્યાં હતાં. બપોરનું ભોજન બધાને પીરસ્યું. સૌ જમ્યા. નદી કિનારાના પથ્થર ઉપર પેલો પાગલ વ્યક્તિ બેઠો હતો. રાજાનું કામકાજ પૂરું થયું. તેઓ તો જવાની તૈયારી રૂપે બધા એકઠાં થઈ ચાલવા લાગ્યા. પેલો પાગલ - વિભ્રમવાળો કહેવા લાગ્યો કે મારી રજા વગર કેમ જાઓ છો ? વગેરે. તેની માન્યતા હતી કે હાથી-અશ્વો-રથાદિ મારા છે. હું કહું એમ આ માણસો ક્રિયાઓ કરે. ખરેખર વિભ્રમિત આવું આચરે છે.

તેવી રીતે આચાર્યદેવ કહે છે - **पुंसां विभ्रमः वर्तते** । બહિરાત્મા અજ્ઞાની 'મારા' માનીને ગાંડપણની જેમ વર્તે છે. પુત્ર-ભાર્યા-મિત્રાદિ પરિવાર મારા છે તેમ માની, તેના સુખે સુખી રહે છે અને તેના દુઃખે દુઃખી થાય છે. પુત્ર કઈ ગતિમાંથી આવ્યો છે અને ક્યાં જશે તેની કશી જ ખબર નથી. એકવાર પત્ની બની તે જીવ વળી માતા તરીકે આવે છે ! જીવ ભ્રાન્તિમાં રહી અજ્ઞાની થયો થકો જીવ્યે જાય છે. સ્વરૂપ પ્રતિષ્ઠાસ્વરૂપ પરમ યોગીશ્વર પરમકૃપાળુદેવની સમાધિ સરસ્વતીને વાગોળીએ,

"વળી સ્મરણ થાય છે કે જેના વિના એક પળ પણ હું નહીં જીવી શકું એવા કેટલાક પદાર્થો (સ્ત્રીઆદિક) તે અનંતવાર છોડતાં, તેનો વિયોગ થયાં અનંતકાળ પણ થઈ ગયો; તથાપિ તેના વિના જિવાયું એ કંઈ થોડું આશ્ચર્યકારક નથી... જે જે પૂર્વનાં ભવાંતરે ભ્રાંતિપણે ભ્રમણ કર્યું; તેનું સ્મરણ થતાં હવે કેમ જીવવું એ ચિંતના થઈ પડી છે." પત્રાંક ૧૨૮માં વધુ વિસ્તાર છે, જે આગળ જોઈશું.

'જ્ઞાનાર્ણવ' ગ્રંથમાં જીવની ભ્રાન્તિ વિષે કહે છે કે જીવ એમ માને કે ઈન્દ્રિયો વશ ન થાય તો પણ હું મોક્ષે જઈશ ! જોઈએ શ્રી શુભચંદ્ર આચાર્યની સરસ્વતી સર્ગ - ૨૦, શ્લોક-૩૧

"जो पुरुष इन्द्रियसमूहको वश नहीं करके साक्षात् मोक्ष होना चाहता है वह दुर्बुद्धि अपने मस्तककी टक्कर लगाकर पर्वतको तोडना चाहता है अैसी अवस्थामें उसका मस्तक ही फूटेगा, पर्वत तो किसी प्रकार फूटेगा ही नहीं."

ભ્રાન્તિની ભૂતાવળ જીવને વિભ્રમમાં નાખી દે છે. જ્યાં સુધી સત્ય તત્ત્વનો આદર નહિ થાય ત્યાં સુધી અંતરાત્મા બની શકાતું નથી. બહિરાત્મા પૂર્ણપણે અંતરાત્મા ત્યારે જ બને છે કે જ્યારે ભ્રાન્તિની ભૂતાવળ નાશ પામે, નિજ ચૈતન્યના સાક્ષાત્ દર્શન થાય. પર્યાય ઉપરથી દૃષ્ટિ હટાવી દ્રવ્ય શુદ્ધ સામાન્ય ત્રિકાળ પર દૃષ્ટિ થતાં જ આત્મા અનુભવાય છે.

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના શબ્દરત્નો છે, "અનાદિકાળથી અજ્ઞાની જીવ, સંસારમાં ભમતો ભમતો, સુખની ઝંખનામાં વિષયોની પાછળ દોડતો દોડતો, અનંત દુઃખોને વેઠતો રહ્યો છે. કોઈ વાર તેને સાચું સુખ દેખાડનાર મળ્યા તો શંકા રાખીને અટક્યો, કોઈ વાર સાચું સુખ દેખાડનારની અવગણના કરીને પોતાનું સાચું સુખ મેળવતાં અટક્યો, તો કોઈવાર પુરુષાર્થ કર્યો તો થોડા પુરુષાર્થ માટે ત્યાંથી અટક્યો અને પડ્યો. આ રીતે જીવ પોતાનું સ્વરૂપ મેળવતાં અનંતવાર અટક્યો. પુણ્યોદયે આ દેહ મળ્યો, આ દશા પામ્યો, આવા સત્પુરુષ મળ્યા, હવે જો સત્ પુરુષાર્થ નહિ કરે તો કયા ભવે કરશે ? હે જીવ ! પુરુષાર્થ કર. આવી જોગવાઈ અને સાચું સ્વરૂપ બતાવનારા સત્પુરુષ ફરી ફરી નહિ મળે." આ વચનોમાં સૂક્ષ્મ રહસ્ય વિચારણીય છે.

અનાદિથી પરંપરા પ્રમાણે જીવતાં જીવ સત્ય વસ્તુને પામી શક્યો નથી. તેથી બહિરાત્મા રહ્યો છે.

વૈરાગ્યસભર, ઉપશમ પ્રેરિત વચનો પરમ કૃપાળુદેવના છે જે પત્રાંક ૧૨૮માં છે તેને વિસ્તૃત વિચારીએ :

"અંતર્જ્ઞાનથી સ્મરણ કરતાં એવો કોઈ કાળ જણાતો નથી વા સાંભરતો નથી કે જે કાળમાં, જે સમયમાં આ જીવે પરિભ્રમણ ન કર્યું હોય, સંકલ્પ-વિકલ્પનું રટણ ન કર્યું હોય, અને એ વડે 'સમાધિ' ન ભૂલ્યો હોય. નિરંતર એ સ્મરણ રહ્યા કરે છે, અને એ મહા વૈરાગ્યને આપે છે.

વળી સ્મરણ થાય છે કે એ પરિભ્રમણ કેવળ સ્વચ્છંદથી કરતાં જીવને ઉદાસીનતા કેમ ન આવી ? બીજા જીવો પરત્વે ક્રોધ કરતાં, માન કરતાં, માયા કરતાં, લોભ કરતાં કે અન્યથા કરતાં તે માઠું છે એમ યથાયોગ્ય કાં ન જાણ્યું ? અર્થાત્ એમ જાણવું જોઈતું હતું, છતાં ન જાણ્યું એ વળી ફરી પરિભ્રમણ કરવાનો વૈરાગ્ય આપે છે.

વળી જેનું મુખ કોઈ કાળે પણ નહીં જોઉં; જેને કોઈ કાળે હું ગ્રહણ નહીં જ કરું; તેને ઘેર પુત્રપણે, સ્ત્રીપણે, દાસપણે, દાસીપણે, નાના જંતુપણે શા માટે જન્મ્યો ? અર્થાત્ એવા દ્વેષથી એવા રૂપે જન્મવું પડ્યું ! અને તેમ કરવાની તો ઈચ્છા નહોતી ! કહો એ સ્મરણ થતાં આ ક્લેશિત આત્મા પરત્વે જુગુપ્સા નહીં આવતી હોય ? અર્થાત્ આવે છે.

વધારે શું કહેવું ? જે જે પૂર્વના ભવાંતરે ભ્રાન્તિપણે ભ્રમણ કર્યું; તેનું સ્મરણ થતાં હવે કેમ જીવવું એ ચિંતના થઈ પડી છે. ફરી ન જ જન્મવું અને ફરી એમ ન જ કરવું એવું દઢત્વ આત્મામાં પ્રકાશે છે. પણ કેટલીક નિરુપાયતા છે ત્યાં કેમ કરવું ? જે દઢતા છે તે પૂર્ણ કરવી; જરૂર પૂર્ણ પડવી એ જ રટણ છે, પણ જે કંઈ આડું આવે છે, તે કોરે કરવું પડે છે, અર્થાત્ ખસેડવું પડે છે." **(ક્રમશઃ)**

---

## પુસ્તક સમાલોચના

**- મિતેશભાઈ એ. શાહ**

**(નોંધ : આ વિભાગ માટે પુસ્તક કે ગ્રંથની બે નકલ મોકલવા વિનંતી છે.)**

**પુસ્તકનું નામ : જૈન ધર્મનું હાર્દ** • લેખક : શ્રી ચંદ્રહાસ ત્રિવેદી

**પૃષ્ઠ સંખ્યા :** ૧૨૮ • **આવૃત્તિ :** ચોથી, ૨૦૧૪ • **મૂલ્ય :** રૂા. ૧૦૦/-

**પ્રકાશક :** શ્રી ચંદ્રહાસ ત્રિવેદી, 'સુહાસ', ૬૪, જૈનનગર, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭. ફોન : ૨૬૬૨૦૬૧૦

**વિક્રેતા :** (૧) ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.
(૨) નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ

આકર્ષક મુખપૃષ્ઠ, સારા કાગળ વાપરેલ છે. આ પુસ્તકમાં લેખકે જૈન ધર્મના તત્ત્વજ્ઞાનને સમાવી લઈને અત્યંત સંક્ષેપમાં રસાળ શૈલીમાં વહેતું કર્યું છે. ભાષા સરળ હોવા છતાં લેખક તત્ત્વનાં ઊંડાણ સાધવામાં સુપેરે સફળ રહ્યા છે. જૈન ધર્મના પાયાના સિદ્ધાંતોની કડીબદ્ધ તર્કગમ્ય રજૂઆત એટલી સચોટ અને સ્પષ્ટ છે કે વાચકને ક્યાંય કંઇ અટપટું લાગતું નથી. 'જૈન ધર્મ શું છે ?' તે પ્રશ્નનો નિઃસંશય ઉત્તર આ પુસ્તકમાંથી મળી જાય છે. આજની પેઢીની જિજ્ઞાસાને નજરમાં રાખીને લખાયેલું આ પુસ્તક નવી જ ભાત પાડનારું ઉપયોગી પ્રકાશન છે.

■ ■ ■

# સ્થિતપ્રજ્ઞ મહાત્માના લક્ષણો - એક ચિંતન

**(ક્રમાંક - ૭)**

**પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ટાબેન સોનેજી**

**નિરાહારી શરીરીના ટળે છે વિષયો છતાં,**
**રહી રસ જતો એમાં, એ ટળે પેખતાં પરં.**

**- શ્રીમદ્ ભગવદ્ગીતા અ.૨/૫૯**

**શબ્દાર્થ :** (પરં = પરમાત્મા) (પેખતાં દિવ્યદષ્ટિથી થતું પરમાત્મદર્શન - આત્મદર્શન) દેહધારી મનુષ્ય નિરાહાર થતાં વિષયોથી નિવૃત્ત થાય છે પરંતુ એ વિષયોનો રસ અર્થાત્ વિષયોની લાલસા (આસક્તિ-રસ) ચાલુ રહે છે. આ લાલસા (રસ) પરબ્રહ્મનો સાક્ષાત્કાર થતાં જ નિવૃત્ત થાય છે.

**ભાવાર્થ :** સામાન્ય મનુષ્ય જ્યારે ઈન્દ્રિયભોગથી નિવૃત્ત થાય છે ત્યારે ભોગના સર્વ વિષયો તો એનાથી દૂર થાય છે, પરંતુ ભોગેચ્છા (ભોગ ભોગવવાની તૃષ્ણા) જેવી ને તેવી જ રહે છે. આ અનાદિકાળની વાસના (વિપરીત સંસ્કાર, અજ્ઞાનજન્ય સંસ્કાર) પરમાત્મદર્શન થતાં જ દૂર થઈ જાય છે.

**વિશેષાર્થ :** સાધારણ મનુષ્ય સમજે છે કે વિષયોના નિમિત્તથી દૂર રહેવાથી એટલે કે વિષયો ન ભોગવવાથી ઈન્દ્રિયોનો સંયમ સહેજે થઈ જશે. પણ આ ભ્રમ છે. ઉદાહરણ તરીકે જે સામાન્ય સાધક ઉપવાસ કરે છે ત્યારે તે અન્નના બાહ્ય નિમિત્તથી તો દૂર થાય છે પણ ભોજનની તૃષ્ણા-ઈચ્છા-વાસના તો મનમાં ચાલુ જ રહે છે. તેથી તેનું મન સ્વાદિષ્ટ ભોજનનો વિચાર કર્યા કરે છે, અને ઉપવાસ પછી પારણામાં શું ભોજન લેવું તેની કલ્પના કર્યા કરે છે. એનું કારણ છે પોતાના સત્ય આત્મસ્વરૂપનું અજ્ઞાન કે જેનું મૂળ છે મોહનીયકર્મનું આત્મા ઉપર આવરણ.

## પરમાર્થ - આત્માર્થ

કોઈ મનુષ્ય સ્વાસ્થ્ય - આરોગ્ય માટે પણ નિરાહારી રહે છે એટલે ઉપવાસ કરે છે પણ એમાં તેના ભોજન માટેની તૃષ્ણા તો એટલી જ રહે છે. કારણ કે તેની એવી ઈચ્છા હોય છે કે હું સ્વસ્થ થઈને સ્વાદિષ્ટ ભોજન ગ્રહણ કરીશ.

સાધક-ધર્માત્માને એવો ભાવ હોય છે કે હું વિષયોનો ત્યાગ કરી મારી ઈન્દ્રિયોને સંયમમાં લાવીશ અને પરમાત્મદર્શન - આત્મસાક્ષાત્કાર કરવાનો પ્રબુદ્ધ પુરુષાર્થ કરીશ. સ્થિતપ્રજ્ઞ મહાત્માને પરમાત્મદર્શન થઈ ગયું હોવાથી તેઓએ આત્માના અલૌકિક અતીન્દ્રિય અમૃતરસનો સ્વાદ ચાખી લીધો છે તેથી તેમને સંસારના સર્વ પદાર્થો રસહીન તુચ્છ લાગે છે.

ઉપવાસ એ બાહ્ય તપનો એક પ્રકાર છે, જે આત્મશુદ્ધિ માટેના અંતરંગ તપમાં સહાયક થાય છે. ખરેખર તો ઈચ્છાનો નિરોધ થવો તે જ સાચું તપ છે.
**इच्छा निरोधः तपः ।**

આત્માર્થી સાધકોએ ઉપવાસ વિષે ઊંડી વિચારણા કરવી જોઈએ.

ઉપવાસની વ્યાખ્યા મહાપુરુષોએ નીચે પ્રમાણે કરી છે :

**कषायविषयाहार त्यागो यत्रविधियते उपवासः ।**

પાંચેય ઈન્દ્રિયોના વિષયો, ચારેય પ્રકારના કષાયો (ક્રોધ, માન, માયા, લોભ), રાગદ્વેષ આદિ વિભાવભાવો તથા ચારે પ્રકારના આહારનો ત્યાગ (ખાદ્ય, સ્વાદ્ય, પેય, લેહ્ય) તેને ઉપવાસ કહે છે.

ઉપવાસ કરીને સાંસારિક પ્રવૃત્તિ કરે, કષાયો કરે તે ઉપવાસ નહીં પણ લાંઘણ કહેવાય.

ઉપવાસ = ઉપ + વાસ. પરમાત્માની પાસે બેસવું. ઉપલક્ષથી પોતાના આત્માની પાસે બેસવું. એટલે આત્મલક્ષ સહિત સહુ સાધન કરવાં.

ઉપવાસ એ સાધકને આત્મસાધનામાં સહાયક સાધન છે. આહારત્યાગથી, ઊણોદરીથી, રસત્યાગથી સાધના માટે ઘણો સમય મળે છે. મન શાંત થાય છે અને શુભ વિચારો આવે છે. પણ જો ગુરુઆજ્ઞા પ્રમાણે આત્મલક્ષ સહિત ઉપવાસ આદિ કરવામાં ન આવે તો થોડું પુણ્ય ઉપાર્જન થાય પણ મોક્ષમાર્ગમાં બાધક બની જાય છે.

## ઉપરોક્ત શ્લોકનું સમર્થન કરતાં અન્ય સત્પુરુષોના વચનો

- જપ તપ ઔર વ્રતાદિ સબ, તહાં લગી ભ્રમરૂપ,
  જહાં લગી નહીં સંતકી, પાઈ કૃપા અનૂપ.
  **- શ્રીમદ્ રાજચંદ્ર**
- ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના...
  વેષ લીધો વૈરાગનો, દેશ રહી ગયો દૂરજી,
  ઉપર વેષ અચ્છો બન્યો, માંહી મોહ ભરપૂરજી.
- સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;
  સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય ?
  **- વીસ દોહરા (શ્રીમદ્ રાજચંદ્ર)**
- તનસેં મનસેં, ધનસેં સબસેં,
  ગુરુદેવકી આન સ્વ-આત્મ બસેં;
  તબ કારજ સિદ્ધ બને અપનો,
  રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો.
  **- શ્રીમદ્ રાજચંદ્ર**
- અવ્રતીજન વ્રતને ગ્રહે, વ્રતી જ્ઞાનરત થાય,
  પરમજ્ઞાનને પામીને, સ્વયં પરમ થઈ જાય.
  **- શ્રી સમાધિશતક, શ્લોક-૮૬**
- વ્રત નિયમને ધારે ભલે, તપશીલને પણ આચરે;
  પરમાર્થથી જે બાહ્ય તે નિર્વાણપ્રાપ્તિ નહીં કરે.
  **- શ્રી સમયસાર - ૧૫૩**
- અનિચ્છક કહ્યો અપરિગ્રહી,
  જ્ઞાની ન ઇચ્છે અશનને (ભોજનને)
  તેથી ન પરિગ્રહી અશનનો તે
  અશનનો જ્ઞાયક રહે.

**ભાવાર્થ :** ઇચ્છા-તૃષ્ણા એ જ આ જીવનનો પરિગ્રહ છે. જ્ઞાની-સ્થિતપ્રજ્ઞ મહાત્માને ઇચ્છા-તૃષ્ણાનો અભાવ થઈ ગયો છે એટલે આહાર આદિ પરપદાર્થો અને પરભાવોને તેઓ રૂચિપૂર્વક ઇચ્છતા નથી. અર્થાત્ જ્ઞાનીપુરુષોના આહારાદિ શરીર અર્થે નહિ, પરંતુ જ્ઞાન-દર્શન-સંયમ અર્થે એટલે મોક્ષાર્થે થાય છે. **- શ્રી સમયસાર-૨૧૨**

- પરમકૃપાળુદેવ આહારસંજ્ઞાને મોળી પાડવા જણાવે છે કે આહાર કરવો નહિ, કરવો તો પુદ્ગલના સમૂહરૂપ જાણીને કરવો. સ્વાદનો ત્યાગ તેને આહારનો ખરો ત્યાગ જ્ઞાનીઓ કહે છે.

## બોધ / ઉપસંહાર

આપણે સદ્ગુરુના શરણમાં રહીને ઉપદેશબોધ ગ્રહણ કરવો - અને તે દ્વારા ઉપશમ અને વૈરાગ્યને તીવ્ર બનાવવા પરમકૃપાળુદેવ કહે છે કે ઉત્તમ મુમુક્ષુનો વૈરાગ્ય જ્ઞાની કરતાં પણ વધી જાય છે. વૈરાગ્ય વધવાથી સંસાર, શરીર અને વિષયોના ભોગોની આસક્તિના સંસ્કાર - તેમાં રસબુદ્ધિ ઘટતાં જાય છે.

આપણને વિષયોમાં રસબુદ્ધિ આપણા જ અનાદિના અહંભાવ, મમત્વભાવને લીધે થાય છે. એના લીધે જ બાહ્ય પદાર્થોના રાગ - આસક્તિ થાય છે. આ અહંભાવ - મમત્વ કાઢવા માટે આપણે પ્રથમ તો રાગની દિશા બદલવાની છે. જે રાગ શરીર, કુટુંબ આદિમાં થાય છે તેને વાળીને સત્પુરુષ પ્રત્યે લઈ જવાનો છે અને તે સત્પુરુષ પરમાત્માનો ભેટો અવશ્ય કરાવી દેશે.

- સંતન કી સેવા કિયા પ્રભુ રીઝત હૈ આપ,
  જાકા બાલ ખિલાઈએ, તાકા રીઝત બાપ.
  **- બૃહદ્ આલોચના**

- આત્મા ઔર પરમાત્મા, અલગ રહે બહુ કાલ,
  સુંદર મેલા કર દિયા, સદ્‌ગુરુ મિલા દલાલ.

આપણે પરમાત્મદર્શન (આત્મદર્શન) કરવું હોય તો દુનિયાથી જુદી દિશામાં જવું પડે. લોક પ્રતિબંધ તોડવો પડે. સદ્‌ગુરુની આજ્ઞા પ્રમાણે જીવન બદલવું પડે. ત્યાગ-વૈરાગ્ય દ્વારા રાગદ્વેષથી ઉપર ઉઠવું પડે.

- ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
  અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજભાન.

**- શ્રી આત્મસિદ્ધિ-૭**

- વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન;
  તેમજ આતમજ્ઞાનની, પ્રાપ્તિતણાં નિદાન.

**- શ્રી આત્મસિદ્ધિ-૬**

મોક્ષમાર્ગ નિષેધાત્મક અને વિધેયાત્મક બન્ને રીતે કહ્યો છે પણ મુખ્યતા વિધેયાત્મકતાની છે.

બાહ્ય ત્યાગ-વૈરાગ્યથી પ્રથમ ઈન્દ્રિયો ઉપશમ પામે છે અને શ્રી પ્રભુભક્તિ તથા ગુરુસેવા દ્વારા મન તથા ઈન્દ્રિયો અંતર્મુખ બને છે. - આત્માર્થી દશા પ્રગટે છે.

- "કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
  ભવે ખેદ પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ."

**- શ્રી આત્મસિદ્ધિ-૩૮**

ઉપર પ્રમાણે દશા પ્રગટતાં સાધકની બુદ્ધિ જે વિપર્યાસપણે - વિપરીતપણે વર્તતી હતી તે સુબુદ્ધિ બની જાય છે અને કોઈ એક દિવ્ય પળે શ્રી ગુરુકૃપાથી તેની મોહગ્રંથિ તૂટી જાય છે અને તે જ ક્ષણે પરમાત્મદર્શન એટલે આત્મદર્શન, આત્મસાક્ષાત્કાર થઈ જાય છે.

- આવે જ્યાં એવી દશા, સદ્‌ગુરુ બોધ સુહાય;
  તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય.
  જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;
  જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ.

**- શ્રી આત્મસિદ્ધિ-૪૦-૪૧**

નિજજ્ઞાન એટલે આત્મજ્ઞાન - સત્‌સ્વરૂપનું જ્ઞાન. "તે 'પરમસત્'ને 'પરમજ્ઞાન' કહો, ગમે તો 'પરમ પ્રેમ' કહો અને ગમે તો 'સત્-ચિત્ત-આનંદ સ્વરૂપ' કહો, ગમે તો 'આત્મા' કહો ગમે તો 'સર્વાત્મા' કહો... સર્વ એ જ છે, અન્ય નહીં. એવું તે પરમતત્ત્વ, પુરુષોત્તમ, હરિ, સિદ્ધ, ઈશ્વર, નિરંજન, અલખ, પરબ્રહ્મ, પરમાત્મા, પરમેશ્વર અને ભગવંત આદિ અનંત નામોએ કહેવાયું છે." **- શ્રી રા.વ.પ. ૨૦૯**

આ પ્રમાણે આત્મજ્ઞાન-આત્મસાક્ષાત્કાર થતાં સમગ્ર વ્યક્તિત્વ બદલાઈ જાય છે.

- અબ કાલલબ્ધિ બલતેં દયાલ
  તુમ દર્શન પાય ભયો ખુશાલ,
  મન **શાંત** ભયો **મિટી** સકલ દ્વદ્વ
  ચાખ્યો સ્વાતમ રસ દુઃખ નિકંદ.

**- શ્રી દર્શનસ્તુતિ**

આચાર્યપ્રવર કુંદકુંદસ્વામી કહે છે કે જેને પરમાત્માના સત્યસ્વરૂપના દર્શન થાય છે તેને પોતાના આત્માનું દર્શન થઈ જાય છે :

- જે જાણતો અરિહંતને, ગુણદ્રવ્યને પર્યયપણે;
  તે જાણતો નિજ આત્મને, તસુ મોહ પામે લય ખરે.

**- શ્રી પ્રવચનસાર ગાથા - ૮૦**

કારણ કે

- જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહીં કાંઈ;
  લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ.

**- 'અંતિમ સંદેશ' શ્રીમદ્ રાજચંદ્ર**

આ પ્રમાણે પરમાત્મદર્શન - નિજ આત્મદર્શન થતાં અર્થાત્ અલૌકિક અપૂર્વ અતીન્દ્રિય આનંદ - અતીન્દ્રિય સુખની ઝાંખી થઈ જતાં પર પદાર્થો - વિષયોના ભોગથી થતી ક્ષણિક સુખબુદ્ધિની તુચ્છતા ભાસ્યમાન થઈ જાય છે અને તેમાંથી રસબુદ્ધિ મૂળમાંથી જ નષ્ટ થઈ જાય છે.

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥ ■ ■ ■

# શ્રી આનંદઘન ચોવીશી

**અશોકભાઈ પી. શાહ**

(ગતાંકથી ચાલુ...)

## ૧૮ મા તીર્થંકર
## શ્રી અરનાથ જિન સ્તવન

યોગીશ્વર આનંદઘનજી શ્રી અરનાથ ભગવાનના સ્તવનના માધ્યમથી વીતરાગ-વિજ્ઞાનના અદ્ભુત તત્ત્વો પીરસી રહ્યાં છે. સ્વ-સમય એટલે નિજ શુદ્ધાત્મા અને પર-સમય એટલે મારા આત્માથી ભિન્ન સમસ્ત પરદ્રવ્યો અને પરભાવો - એમ બન્ને વચ્ચેનો ભેદ બતાવ્યો. હવે જે સાધક સ્વસમય એવા પોતાના શુદ્ધ સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા તત્પર થયો છે અને જેણે પર-સમયથી પોતાની વૃત્તિઓને પાછી વાળીને મોહને અતિ મંદ કરી નાખ્યો છે, એવા ભવ્યાતિભવ્ય જીવને આત્માનુભૂતિનું સાક્ષાત્ કારણ એવી દ્રવ્યદૃષ્ટિ આનંદઘનજી હવે પછીની ગાથાઓમાં કરાવે છે તેને અવલોકીએ :

**તારા નક્ષત્ર ગ્રહ ચંદની, જ્યોતિ દિનેશ મઝાર રે;**
**દર્શન જ્ઞાન ચરણ થકી, શક્તિ નિજાતમ ધાર રે.**
**- ધરમ પરમ અરનાથનો૦ ૩**

**શબ્દાર્થ :** તારા, નક્ષત્ર, ગ્રહો અને ચંદ્રની જ્યોતિ જેમ સૂર્યના પ્રકાશમાં સમાઈ જાય છે, તેમ દર્શન, જ્ઞાન અને ચારિત્રની શક્તિ એટલે કે ગુણો તે નિજાત્માની (અનંત) શક્તિમાં સમાયેલી છે, એમ તમે અવધારો. (દિનેશ = સૂર્ય; મઝાર = તેમાં, તેની અંદર; ચરણ = ચારિત્ર; નિજાતમ = પોતાનો આત્મા; ધાર = જાણો, સમજો)

**ભાવાર્થ :** આનંદઘનજી આત્માનું બંધારણ એક દૃષ્ટાંત દ્વારા સમજાવે છે, જેથી આત્મસ્વરૂપનો યથાર્થ તત્ત્વનિર્ણય થાય. રાત્રિના સમયમાં તારા, નક્ષત્રો, ગ્રહો અને ચંદ્રનો પ્રકાશ પૃથ્વીને અમુક માત્રામાં અજવાળે છે. પણ સૂર્યોદય થતાવેંત તે બધાનો પ્રકાશ ગૌણ બની જાય છે. તે બધાની જ્યોતિ સૂર્યના અખંડ અને પ્રખર પ્રકાશમાં સમાઈ ગઈ એમ કહી શકાય. એ જ રીતે દર્શન, જ્ઞાન, ચારિત્ર આત્માની મુખ્ય શક્તિઓ છે, ગુણો છે. પરંતુ આત્મા કંઈ માત્ર આટલા ગુણો જેટલો જ નથી. એ તો અનંત ગુણોનો સ્વામી છે, એક અખંડ ચૈતન્યસત્તા છે, જેમાં આ ત્રણ ગુણો સમાયેલા છે. આ ત્રણ ગુણોને અહીં ગૌણ કરવાનું પ્રયોજન એ છે કે નિર્વિકલ્પ સ્વસંવેદન માટે તે ગુણોના ભેદ પણ મીટાવીને, તે જેમાં સમાયેલા છે એવા અભેદ, અનંત શક્તિના ધારક આત્મદ્રવ્ય પ્રત્યે દ્રવ્યદૃષ્ટિ કરાવવી છે.

પ્રશ્ન થાય કે તો પછી દર્શન, જ્ઞાન, ચારિત્રનો શાસ્ત્રોમાં અને સત્સંગમાં અત્યંત મહિમાપૂર્વકનો ઉલ્લેખ કેમ થાય છે ? તેનું સમાધાન એમ છે કે જે જિજ્ઞાસુ છે, પણ સીધો નિર્વિકલ્પ અનુભવ કરવાને અસમર્થ છે તેવા ભવ્ય જીવો પર શ્રી અરનાથ આદિ તીર્થંકર ભગવંતોએ અત્યંત ઉપકાર કરી આ આત્મતત્ત્વ સહેલાઈથી ખ્યાલમાં આવે તે માટે તે અખંડ તત્ત્વનું પહેલાં ખંડ ખંડ કરી જ્ઞાન કરાવ્યું. તે અભેદ તત્ત્વમાં ભેદ પાડીને ઓળખાણ કરાવી કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આત્મા દર્શનસ્વરૂપ છે, આત્મા ચારિત્રસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે, વીર્યવાન છે વગેરે. આત્માના અનંત ગુણોમાંથી ભગવાને જ્ઞાન, દર્શન, ચારિત્રને મુખ્ય એટલા માટે કર્યાં કે તે આત્માના 'અસાધારણ' લક્ષણો છે, જે બીજા જડ પદાર્થોમાં કે ક્રોધાદિ જડવત્ ભાવોમાં નથી. તેથી અનાદિથી જીવ જેનાથી

પરિચિત છે એવા જડ પદાર્થો અને જડભાવોથી પોતાના સ્વભાવને આ ત્રણ લક્ષણો દ્વારા જુદા જાણે, માને અને અનુભવે.

'જ્ઞાન' એટલે આત્માની જાણવાની શક્તિ - Cognition. દર્શન એટલે જોવાની શક્તિ, પણ અહીં સાધનાની અપેક્ષાએ દર્શન એટલે શ્રદ્ધા, પ્રતીતિ, belief with conviction અને ચારિત્ર એટલે સ્વરૂપમાં સ્થિરતા. આ ત્રણે લક્ષણોની બહુ જ સુંદર અને પ્રેક્ટીકલ વ્યાખ્યા પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ બે કાવ્યોમાં કરી છે - "મૂળ મારગ સાંભળો જિનનો રે" અને "પંથ પરમ પદ બોધ્યો," જે સૌને વિદિત હશે. આ ત્રણ ગુણોની સમ્યક્ આરાધનાથી લક્ષણભેદ વડે ભેદજ્ઞાન કરી જીવ મોક્ષમાર્ગમાં આરૂઢ થાય છે. યથા -

"सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ।"

આટલું જાણ્યા પછી ફરી મૂળ વાત પર આવીએ કે આનંદઘનજીએ આ ત્રણ ગુણોને ચંદ્ર-તારાની જ્યોતિ સાથે સરખાવી ગૌણ કેમ કર્યા ? તેનું સમાધાન હવે પછીની બે ગાથામાં છે, તે વિચારતાં સાધક જીવને ચોક્કસ શ્રદ્ધા થશે કે પ્રભુ ! ધન્ય છે અનેકાંતમય એકાંતદૃષ્ટિયુક્ત "ધરમ પરમ અરનાથનો", જેને સ્યાદ્વાદપૂર્વક સમજીએ અને અનુસરીએ તો અપરોક્ષ આત્માનુભૂતિના દ્વાર ખુલી જાય ! પહેલી ગાથામાં એક દૃષ્ટાંત છે અને બીજી ગાથામાં તેનો જ પરમાર્થ છે, તેથી બન્નેની સાથે વિચારણા કરીએ :

**ભારી પીળો ચીકણો, કનક અનેક તરંગ રે;**
**પર્યાયદૃષ્ટિ ન દીજીએ, એક જ કનક અભંગ રે.**
**- ધરમ પરમ અરનાથનો૦ ૪**

**દરશન જ્ઞાન ચરણ થકી, અલખ સ્વરૂપ અનેક રે;**
**નિર્વિકલ્પ રસ પીજીએ, શુદ્ધ નિરંજન એક રે.**
**- ધરમ પરમ અરનાથનો૦ ૫**

**શબ્દાર્થ :** સુવર્ણમાં ભારેપણું, પીળાશ, ચીકાશ એમ અનેક તરંગ, અનેક ગુણો અને તેની પર્યાયો છે, પરંતુ તેને એમ પર્યાયદૃષ્ટિએ ન જોતાં એક જ અખંડ સુવર્ણના રૂપે જુઓ. (કનક = સોનું, સુવર્ણ; તરંગ = દ્રવ્યના ગુણો તેમજ તેની પર્યાયોરૂપ અનેક અવસ્થા; પર્યાયદૃષ્ટિ = વસ્તુમાં ભેદ પાડીને તેની વિભિન્ન અવસ્થાઓ જોવાની દૃષ્ટિ; અભંગ = અખંડ)

એ જ રીતે દર્શન, જ્ઞાન, ચારિત્ર ગુણરૂપે અલખ એવા આત્મસ્વરૂપમાં અનેક ભેદ પડે છે. પરંતુ આત્માને એક અખંડ શુદ્ધ નિરંજન સ્વરૂપે ધ્યાવતાં નિર્વિકલ્પ આત્માનુભવનો રસાસ્વાદ માણી શકાય છે. (અલખ = અલક્ષ્ય, લક્ષમાં ન આવે તેવો ઈન્દ્રિયાતીત આત્મા; નિરંજન = કર્મમલથી રહિત)

**ભાવાર્થ :** ઉત્કૃષ્ટ વૈરાગ્યવાન સાધક, જે આત્મજ્ઞાની સદ્ગુરુની નિશ્રામાં રહીને તેમની આજ્ઞાઆરાધનના ફળરૂપે પ્રજ્ઞાવંત થયો છે, જે પ્રજ્ઞાછીણી વડે નિરંતર સ્વ-પરનું ભેદજ્ઞાન કરવામાં ઉદ્યમવંત છે, આત્મજ્ઞાનની જેને તીવ્ર ઝંખના છે, એવા આસન્નભવ્ય જીવને આનંદઘનજી હવે દ્રવ્યદૃષ્ટિરૂપ અંજનશલાકા કરી અભેદ આત્મસ્વરૂપમાં લીન થવાનું સુંદર પાથેય એક દૃષ્ટાંત દ્વારા પૂરું પાડે છે.

કનક એટલે સુવર્ણમાં ભારેપણું, પીળાશ, ચીકાશ એમ અનેક તરંગો એટલે કે ગુણો છે, જેના વડે સોની તેની પરખ કરે છે. પણ "આ સો ટચનું સોનું છે" એમ એકવાર પરખ થયા પછી તેના ભારેપણા આદિના વિકલ્પો છૂટી જાય છે અને તેની દૃષ્ટિ સોનાને એક અભંગ, અખંડ સુવર્ણદ્રવ્ય તરીકે જ જુએ છે. બહેનોની પર્યાયદૃષ્ટિ તેના બંગડી, વીંટી, તેનો ચળકાટ, ડિઝાઈન વગેરે પર્યાય ઉપર ભલે હોય, પરંતુ સોની તો લેવડ-દેવડ તેની દ્રવ્યદૃષ્ટિ રાખીને જ કરે છે.

એ જ રીતે અભેદ એવા શુદ્ધ, સર્વકર્મમલ

રહિત નિરંજન, એકરૂપ આત્મદ્રવ્યની અનુભૂતિ માટે "હું દર્શનસ્વરૂપ છું, જ્ઞાનસ્વરૂપ છું." એવા ભેદરૂપ વિકલ્પોવાળી પર્યાયદૃષ્ટિ હવે આનંદઘનજી છોડાવે છે. **"પર્યાયદૃષ્ટિ ન દીજીએ"** એમ કહીને ઉત્તમ મુમુક્ષુને અખંડ, અભંગ એવી જ્ઞાયકસત્તાનું લક્ષ કરાવે છે. અહીં જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ગુણોને પણ પર્યાય તરીકે મૂક્યાં કારણકે પર્યાય બે પ્રકારે છે - એક દ્રવ્યના ગુણો જેને 'સહવર્તી પર્યાય' કહેવાય છે અને બીજું તેની ક્ષણે ક્ષણે બદલાતી અવસ્થા જેને 'ક્રમવર્તી પર્યાય' કહેવાય છે. (જુઓ શ્રી સમયસાર ગાથા - ૨૯૪ની ટીકા) જ્યાં સુધી અખંડ આત્માને તેના ગુણો અને પર્યાયોથી ભેદ પાડીને વિચારવામાં આવે ત્યાં સુધી પર્યાયદૃષ્ટિ છે, ભેદના વિકલ્પો છે અને તેથી નિર્વિકલ્પ અનુભવ થતો નથી. તે થવા માટે આનંદઘનજી પર્યાયદૃષ્ટિ છોડાવે છે.

પૂજ્યશ્રી આત્માનંદજી આ જ ગહન વાતને ઘણીવાર એક સુંદર દૃષ્ટાંત દ્વારા સમજાવે છે. બહેનો શીરો બનાવે ત્યારે અમુક પ્રમાણમાં જ લોટ, અમુક પ્રમાણમાં ઘી, અમુક પ્રમાણમાં ગોળ, અમુક માત્રામાં તાપ આપવો વગેરે અનેક વિકલ્પો કરે અને પ્રારંભમાં તે ભેદરૂપે વિકલ્પો અનિવાર્ય છે, તો જ શીરો સ્વાદિષ્ટ બને ! પછી જ્યારે પોતાના પતિને કે પુત્રને પીરસીને પૂછે છે કે શીરો કેવો બન્યો છે ? તો જવાબ નથી મળતો, કારણ કે તેઓ શીરાનો નિર્વિકલ્પપણે સ્વાદ માણવામાં મગ્ન છે ! ત્યાં પછી ગળપણ બરાબર છે કે નહીં વગેરે વિકલ્પો પણ સ્વાદ 'માણવામાં' બાધારૂપ બને છે ! બસ, એ જ રીતે આનંદઘનજી કહે છે કે હવે જો તમારે આત્માના પ્રશમરસનો અનુભવ માણવો હોય તો જ્ઞાન, દર્શન, ચારિત્રના વિકલ્પો પણ છોડો. કારણકે **"અલખ સ્વરૂપ અનેક રે"** - અલક્ષ - ઈન્દ્રિયો વડે જે લક્ષગત નથી થતો એવા અતીન્દ્રિય આત્મદ્રવ્યમાં આ ગુણો વડે અનેક ભેદ પડે છે અને જ્યાં ભેદ પડે છે ત્યાં વિકલ્પ છે, રાગનો અંશ છે. તેથી નિર્વિકલ્પ સ્વરૂપાનંદનો અનુભવ થતો નથી. માટે આત્મસન્મુખ થયેલા ઉત્તમ મુમુક્ષુને કર્તવ્ય એ છે કે હવે ધ્યાનદશામાં ગુણ-ગુણીના ભેદ, જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેયના ભેદ, ધ્યાતા-ધ્યાન-ધ્યેયના ભેદ, નવતત્ત્વ, નય, નિક્ષેપ આદિ સર્વ ભેદના વિકલ્પોથી પાર જઈ એકમાત્ર દ્રવ્યદૃષ્ટિ કરી દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક એવી અભંગ, અભેદ જ્ઞાયકસત્તા જે **"શુદ્ધ, નિરંજન, એક"** છે, તેને જ લક્ષમાં લઈ, દૃષ્ટિનો વિષય બનાવી, વારંવારના આવા અભ્યાસના ફળસ્વરૂપે અપરોક્ષાનુભૂતિની અલૌકિક આનંદમય દશામાં ડૂબકી મારી આનંદઘનજી કહે છે તેમ - **"નિર્વિકલ્પ રસ પીજીએ !"**

આવો દ્રવ્યદૃષ્ટિવાન સાધક આત્મા પછી સ્ત્રી, પુત્ર, મિત્ર, નોકર, પશુ, પક્ષી આદિને પણ દ્રવ્યદૃષ્ટિથી શુદ્ધાત્મા તરીકે જ જુએ છે અને સર્વાત્મમાં સમદૃષ્ટિરૂપ તેનો વ્યવહાર પણ જગતના સર્વ જીવો પ્રત્યે નિરપેક્ષ પ્રેમમય બની જાય છે !

કૃપાળુદેવ શ્રીમદ્જી ઉપરોક્ત બે કાવ્યોમાં દર્શન, જ્ઞાન, ચારિત્રની આત્મા સાથેની અભેદતાની આ જ વાતને પોતાના શબ્દોમાં મૂકતાં કહે છે :

*"તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્તે તે આત્મારૂપ;*
*તેહ મારગ જિનનો પામિયો રે, કિંવા પામ્યો તે નિજસ્વરૂપ."*

- મૂળ મારગ સાંભળો૦

*"ત્રણે અભિન્ન સ્વભાવે, પરિણમી આત્મસ્વરૂપ જ્યાં થાય;*
*પૂર્ણ પરમપદપ્રાપ્તિ, નિશ્ચયથી ત્યાં અનન્ય સુખદાય."*

(આંક - ૭૨૪)

આનંદઘનજીની આ વાતને સમર્થન કરતી "શ્રી સમયસાર ગાથા - ૭"નો ઉલ્લેખ અહીં ન કરીએ તો આ વિચારણા અધૂરી ગણાય. તેમાં આચાર્ય ભગવંત શ્રી કુંદકુંદાચાર્યદેવ ફરમાવે છે કે :

ચારિત્ર, દર્શન, જ્ઞાન પણ વ્યવહાર-કથને જ્ઞાનીને;
ચારિત્ર નહિ, દર્શન નહિ, નહિ જ્ઞાન, જ્ઞાયક શુદ્ધ છે.

(ગુજરાતી પદ્યાનુવાદ-શ્રી હિંમતલાલ જે. શાહ)

**ગાથાર્થ :** જ્ઞાનીને ચારિત્ર, દર્શન, જ્ઞાન - એ ત્રણ ભાવ વ્યવહારથી કહેવામાં આવે છે, નિશ્ચયથી જ્ઞાન પણ નથી, ચારિત્ર પણ નથી, અને દર્શન પણ નથી. જ્ઞાની તો એક શુદ્ધ જ્ઞાયક જ છે.

આ ગાથાર્થ, તેની શ્રી અમૃતચંદ્રાચાર્યદેવની ટીકા અને પંડિતપ્રવર શ્રી જયચંદજી છાબડાના ભાવાર્થનું અનુસંધાન કરી તેના ઉપર પ્રવચન કરતા પૂજ્યશ્રી કાનજીસ્વામી (પ્રવચનરત્નાકર - ભાગ - ૧)માં કહે છે કે *"આચાર્ય ભગવાને જે અપેક્ષાએ જે વાત કરી હોય તે બરાબર સમજવી જોઈએ. તેમાં કાંઈપણ આઘુંપાછું કરવા જાય તો વિપરીત થઈ જશે. અહીં શું કહેવા માગે છે ? કે જ્ઞાયક તો અખંડ, અભેદરૂપ છે. તેમાં જ્ઞાન, દર્શન, ચારિત્રના ત્રણ ભેદ પાડે ત્યાં વિકલ્પ ઊઠે છે, રાગ થાય છે. તેથી નિર્વિકલ્પ અનુભવ થતો નથી. અહીં કહે છે કે જ્ઞાનીને ચારિત્ર, દર્શન, જ્ઞાન એમ ત્રણ ભાવ વ્યવહારથી કહેવામાં આવ્યા છે. નિશ્ચયદૃષ્ટિમાં આ ગુણ અને આ ગુણી એવા ભેદ છે જ નહીં. ગુણો છે ખરા, પણ ગુણ-ભેદ નથી. અહા ! ત્રિકાળ એક જ્ઞાયકભાવની દૃષ્ટિ કરતાં પર્યાયભેદ દેખાતો નથી, એ તો ઠીક, પણ અંદર ગુણો છે છતાં ગુણભેદ દેખાતો નથી !"*

*અનંતધર્મોવાળો ધર્મી આત્મા એક છે, સ્વભાવથી અભેદરૂપ છે, તો પણ તેને ઓળખાવવા માટે શિષ્યને ભેદ પાડી સમજાવવું પડે છે, કેમકે બીજો કોઈ ઉપાય નથી. આત્માના ગુણ અને પર્યાય પણ વસ્તુ છે, અવસ્તુ નથી. પરંતુ અહીં પર્યાયદૃષ્ટિ છોડાવી દ્રવ્યદૃષ્ટિ કરાવવાનું પ્રયોજન છે. તેથી અભેદને મુખ્ય કરી ઉપદેશ છે. કારણકે ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પ દશા થતી નથી. અનંતગુણોના સ્વાદો એકમેક મળી ગયેલા અભેદ છે (જેમ ઉપરોક્ત શીરાના દૃષ્ટાંતમાં ગોળ, લોટ અને ઘીનો સ્વાદ એકરૂપ થઈ શીરામાં આવે છે). જેને આત્મકલ્યાણ કરવું હોય, સુખી થવું હોય, જન્મ-મરણથી છૂટવું હોય તેણે શું કરવું ? તો કહે છે કે જે એક જ્ઞાયકભાવ અભેદ વસ્તુ છે તેને અનુભવમાં લેવો. આ તો સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે કહેલું અલૌકિક વીતરાગ દર્શન છે"* અને આનંદઘનજી કહે છે તેમ આ છે "ધરમ પરમ અરનાથનો" ! વિશેષ આવતાં અંકે. **(ક્રમશઃ)**

## ગુરુકૃપા

**રચયિતા : બા.બ્ર.અલકાબેન**

ગુરુકૃપા હૈ ઉસને જાની, જિન પાઈ તિન પહિચાની.
સોયા પ્રાણી મોહનીંદમેં, ચતુર્ગતિ કી મહાપીડ મેં,
જ્ઞાન કિરણ દે જગા ગુરુને, નવપ્રભાત કરાઈ.
ગુરુકૃપા હૈ ઉસને જાની...

કામ ભોગ કી કથા છુડાકર, ચરણકમલ અનુરાગ લગાકર,
સમ્યગ્જ્યોતિ હૃદય જગાકર, મિથ્યામતિ વિનશાઈ.
ગુરુકૃપા હૈ ઉસને જાની...

સદ્‌ગુરુ અનુગ્રહ પાકર જિસને, અન્તર લગન લગાઈ,
પીકર શાન્ત સુધારસ જિસને, 'પરમશાન્તિ' હૈ પાઈ.
ગુરુકૃપા હૈ ઉસને જાની...

# સમ્યગ્દર્શન (આત્મદર્શન)

બા.બ્ર.શ્રી સુરેશજી

(ગતાંકથી ચાલુ...)

૮ શંકાદિ દોષ + ૮ મદ + ૬ અનાયતન + ૩ મૂઢતા = ૨૫ સમ્યક્ત્વના દોષ

સમ્યક્ત્વના પચ્ચીસ દોષમાંથી ૮ શંકાદિ દોષ અને ૮ મદના દોષની જાણકારી ગતાંકમાં આપેલ. હવે, પચ્ચીસ દોષમાંથી ૬ અનાયતન દોષનું વિશ્લેષણ આ અંકમાં જોઈશું.

## છ અનાયતન

આયતન એટલે રહેવાનું સ્થાન અને અનાયતન એટલે જે રહેવા યોગ્ય નથી એવી જગ્યા. નિમ્નાંકિત છ જગ્યા એવી છે કે જ્યાં સમ્યગ્દર્શન રહી શક્તું નથી. તેથી આ છ અનાયતનોથી બહુ સાવધાન તથા દૂર રહેવાનો ઉપદેશ મહાપુરુષોએ આપ્યો છે.

**(૧) કુગુરુ અનાયતન :** મોક્ષમાર્ગથી વિરુદ્ધ આચરણ કરનારા કુગુરુઓની સેવા, ભક્તિ, તેમનો ઘણો વિનય, શ્રદ્ધા આદિ કરવાં તે કુગુરુ અનાયતન છે.

આ અનાયતનથી મુક્ત થવા માટે સર્વ પ્રથમ સાચા ગુરુનું સ્વરૂપ સમજવું પડશે, જે નીચે પ્રકારે છેઃ

**સાચા ગુરુનું સ્વરૂપ :** જેઓ વિષયાશાની પરવશતાથી મુક્ત છે, જેઓ સમસ્ત પ્રકારના સાંસારિક ક્રિયાકલાપો રૂપ આરંભોથી રહિત હોય, બાહ્ય તથા અંતર બન્ને પ્રકારના પરિગ્રહોથી મુક્ત હોય, જેઓ સદૈવ જ્ઞાન, ધ્યાન તથા તપમાં અનુરક્ત રહેતા હોય એવા મહાત્મા પ્રશંસનીય ગુરુ છે અથવા

જે આત્મજ્ઞાની હોય, જે સર્વભૂતમાં સમદૃષ્ટિવાળા હોય, જેઓ કોઈપણ જાતના પ્રતિબંધ વિના સર્વ દિશાઓમાં પ્રયોજન વગર તથા આયોજન વગર નિર્ભય થઈને જગતમાં વિચરણ કરતા હોય, જેમની વાણી અપૂર્વ તથા અનુભવયુક્ત હોય, જેમની વાતોમાં પૂર્વાપર વિરોધ ન હોય તથા જેઓ સમસ્ત શાસ્ત્રોના જ્ઞાતા તથા મર્મજ્ઞ હોય તે સાચા ગુરુ છે અથવા

જે પૂર્ણરૂપથી નિર્ગ્રંથ હોય, સમસ્ત મોહથી રહિત હોય, જગતના વ્યાપારોથી મુક્ત હોય તથા જે સદૈવ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તથા તપ આ ચાર આરાધનાઓમાં અનુરક્ત રહેતા હોય તેઓ સાચા ગુરુ છે. અથવા

જેઓ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ-વીર્ય આ પાંચ આચારો પાળવામાં તથા પાલન કરાવવામાં પરિપૂર્ણ હોય, જે ઘોર ઉપસર્ગો તથા પરિષહો આવે ત્યારે અદ્ભુત ધૈર્ય ધારણ કરી અડગ રહેતા હોય, જે પરમ ગંભીર હોય તથા પાંચ ઈન્દ્રિયોના માનનું મર્દન કરવામાં દક્ષ (કુશળ) હોય અર્થાત્ પૂર્ણ પંચેન્દ્રિયજયી હોય એવા આચાર્ય શ્રેષ્ઠ સાચા ગુરુ છે. અથવા

જે આગમના જ્ઞાતા હોય તથા મર્મજ્ઞ હોય, જેમની મોહ (અજ્ઞાન) દૃષ્ટિ વિનષ્ટ થઈ ગઈ હોય, જે વીતરાગતાના માર્ગ પર તીવ્રગતિથી આરૂઢ હોય એવા મુનિ મહાત્મા સાચા ગુરુ છે.

ઉપરોક્ત કથનો દ્વારા આપણે સાચા ગુરુનું સ્વરૂપ સમજ્યા. હવે આપણે શ્રેણી અનુસાર સમજવા માટે તેમને ત્રણ શ્રેણીઓમાં વિભાજિત કરીશું :

**(૧) ઉત્તમ ગુરુ :** સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા સર્વોત્કૃષ્ટ ગુરુ છે.

**(૨) મધ્યમ ગુરુ :** સર્વ આરંભ પરિગ્રહના ત્યાગી છઠ્ઠાથી બારમા ગુણસ્થાનવર્તી મહાત્મા મધ્યમ ગુરુ છે.

**(૩) જઘન્ય ગુરુ :** આત્મજ્ઞાન (સમ્યક્-દર્શન)થી યુક્ત ચોથા-પાંચમાં ગુણસ્થાનવાળા સાધક જઘન્ય ગુરુ છે. તેઓ ઉપદેશના અધિકારી નથી હોતા

તથા તેઓ પોતાને ગુરુપદમાં સ્થિત પણ નથી માનતા. માત્ર પોતાનાથી નીચેના સાધકોને યથાયોગ્ય માર્ગદર્શન પોતાની શક્તિ તથા ભૂમિકા અનુસાર આપે છે.

ઉપરોક્ત જે ગુરુઓનું સ્વરૂપ બતાવ્યું છે તેમના સિવાયના બધા કુગુરુની શ્રેણીમાં આવે છે. તેમનો આશ્રય-સેવા-ભક્તિ કરવાથી આપણે મોક્ષમાર્ગથી દૂર થઈએ છીએ. તેથી આપણે કુગુરુઓથી સાવધાન રહેવું જોઈએ.

**(૨) કુગુરુસેવક અનાયતન :** કુગુરુઓના સેવકોની સંગતિ કરવી, ધર્મ વિષયક તેમની સમ્મતિ લેવી તથા તેમનાથી પ્રીતિ કરવી, તેમની અનુમોદના-પ્રશંસા આદિ કરવાં તે કુગુરુસેવક અનાયતન છે.

તેમનાથી બચવા માટે આપણે સદા સાચા ગુરુઓના આશ્રિત ભક્તો તથા સેવકોનો જ સત્સંગ, પ્રેમ, વ્યવહાર આદિ કરવાં જોઈએ.

**(૩) કુધર્મ અનાયતન :** "વીતરાગતા તથા અહિંસાદિ એ જ વાસ્તવમાં ધર્મ છે." તેનાથી વિપરીત જે પણ આચરણ છે તે બધો કુધર્મ છે. આ કુધર્મની સેવા, ઉપાસના, અનુષ્ઠાન આદિ કરવા તથા કરાવવા તે કુધર્મ અનાયતન છે.

તેનાથી બચવા માટે સાચા વીતરાગ ધર્મના સ્વરૂપને વિશેષ જ્ઞાનીઓ દ્વારા સમજીને તેનું દૃઢ શ્રદ્ધાન કરી, તેના વિપરીત સમસ્ત આચરણોને અધર્મ માનીને તેમનો ત્યાગ કરી દેવો જોઈએ.

**(૪) કુધર્મસેવક અનાયતન :** કુધર્મની સેવા, આચરણ કરનારની સંગતિ કરવી, તેમની સમ્મતિ લેવી. તેમની અનુમોદના, પ્રશંસાદિ કરવી તે કુધર્મસેવક અનાયતન છે.

તેનાથી બચવા માટે સાચા વીતરાગ ધર્મના ઉપાસકોની સંગતિ કરવી જોઈએ. બાકીનાનો અપરિચય કરવો જોઈએ.

**(૫) કુદેવ અનાયતન :** કામ, ક્રોધ, માયા આદિનું આચરણ કરનારા 'દેવ' નામથી પ્રસિદ્ધ જીવોની સેવા, ભક્તિ, ઉપાસના, સ્તુતિ આદિ કરવાં કુદેવ અનાયતન છે.

તેમનાથી બચવા માટે સર્વ પ્રથમ સાચા દેવનું સ્વરૂપ જાણવું જોઈએ.

**સાચા દેવનું સ્વરૂપઃ** જે સર્વજ્ઞ હોય અર્થાત્ સંપૂર્ણ લોકાલોકના પૂર્ણજ્ઞાની હોય, જેઓ સમસ્ત રાગ-દ્વેષાદિ દોષોથી રહિત હોય, પૂર્ણ વીતરાગી હોય, જે નિષ્પ્રયોજન અકર્તાપણાથી પૂજાદિ સર્વની અપેક્ષાથી રહિત ભવ્ય જીવોને કલ્યાણનો માર્ગ બતાવતા હોય એવી વિશેષતાઓવાળા આત્માઓને પરમાત્મા કે સાચા દેવ કહેવાય છે. બાકીના શસ્ત્રાદિ તથા વસ્ત્રાદિથી યુક્ત માન, પૂજા, સ્તુતિથી પ્રસન્ન થનારા, કામિનીથી યુક્ત એવા બધા જીવો જે દેવ નામથી જગતમાં પ્રસિદ્ધ છે તે બધા કુદેવની શ્રેણીમાં આવે છે. તેઓ આપણી સાંસારિક આવશ્યક્તાઓ તો (તે પણ આપણા પુણ્યને આધીન છે) પૂરી કરી શકે છે. પરંતુ આપણને મોક્ષમાર્ગ પર લઈ જવાને અસમર્થ છે, કારણ કે તેઓ જો પૂર્ણ નિર્દોષ નથી તો અન્યોને કેવી રીતે પૂર્ણ તથા નિર્દોષ બનાવી શકે ? તેથી પૂર્ણ વીતરાગ સર્વજ્ઞ ભગવાનને જ સાચા દેવ માનીને તેમની અનન્યભાવથી સેવા, ભક્તિ, આરાધના, ઉપાસના કરવાં જોઈએ.

**(૬) કુદેવસેવક અનાયતન :** કુદેવોની સેવા-ભક્તિ કરનારા જીવોની સંગતિ, સમ્મતિ, પ્રીતિ, અનુમતિ, પ્રશંસા આદિ કરવાં તથા તેમાં જોડાવું તે કુદેવસેવક અનાયતન છે.

તેનાથી બચવા માટે કુદેવસેવકોનો અપરિચય કરી સાચા વીતરાગી દેવના સેવકોથી પ્રીતિ તથા વાત્સલ્ય વધારવું જોઈએ તથા તેમનો જ સત્સંગ કરવો જોઈએ.

ઉપરોક્ત છ મિથ્યાત્વને રહેવાના આયતન છે એવું જાણીને પોતાની પૂરી શક્તિ લગાવીને શીઘ્રાતિશીઘ્ર તેમનો ત્યાગ કરી દેવો જોઈએ. આમાં જ આપણું કલ્યાણ છે. આ જ તેમને જાણવાનો અભિપ્રાય છે.

**(ક્રમશઃ)**

# ગુરુપૂર્ણિમા

ભાનુબેન ધરમદાસ શાહ

ગુરુ અને પૂર્ણિમા બંને શબ્દોના સમન્વય એકદમ ઉચિત અને વાજબી છે. ગુરુ પણ સોળ કળાએ ખીલેલા ચંદ્ર જેવા જ પૂર્ણ જ્ઞાની, સંયમિત, નિયમિત અને અનુભવથી સમૃદ્ધ છે. તેમનું જીવન ખૂબ જ ઉજ્જવળ, પ્રકાશિત અને રોશનીસભર હોય છે. પૂર્ણિમા એટલે સમગ્ર રીતે પૂરેપૂરો ખીલેલો, આકાશને અને અવનિને પોતાના પ્રકાશથી અજવાસમય કરતો સંપૂર્ણ વિકસિત ચંદ્રમા. ટૂંકમાં ગુરુજી અને ચંદ્રમા બંને પૂરેપૂરા ઉજ્જવલ હોય અને સર્વત્ર પોતાની પ્રતિભા પાથરતા હોય એટલે ગુરુપૂર્ણિમાનો દિવસ. આ દિવસે સંસ્કારી, સાક્ષર વ્યક્તિ ગુરુને અચૂક યાદ કરે છે.

વ્યક્તિના જીવનમાં ગુરુનું મહત્ત્વ, ગૌરવ, ગરિમા અનેકગણા છે. ગુરુ વિનાના જીવનની કલ્પના પણ થઈ શકે નહીં. કોઈપણ શિક્ષિત, સંસ્કારી મનુષ્ય વર્તમાનમાં જેવો છે તેવું તેનું ઘડતર ગુરુ દ્વારા જ થયેલું હોય છે. ગુરુ વિના જ્ઞાન મળે નહીં, જ્ઞાની થવાય નહીં તથા સારાસારનો વિવેક જન્મે પણ નહીં, સાચી દિશામાં પગલાં મૂકી શકાય નહીં. નગુરો માણસ કોઈપણ દિશામાં પોતાના કદમ આગળ કરીને સમય, શક્તિ બરબાદ કરે છે અને ભૂલેલો, ભટકતો, રખડતો, રઝળતો થઈ જાય છે. આવા જીવને ગુરુના સહવાસથી જે મળવું જોઈએ તે ન મળતાં જીવન એક માત્ર ૮૪ લાખના ફેરામાંથી એક ફેરો ઓછો થયો તેના જેવું નિષ્ફળ, ધ્યેયહીન અને નકામું બની જાય છે.

વ્યક્તિના જીવનમાં ગુરુનું સ્થાન પ્લેહાઉસથી જ નક્કી થઈ જાય છે. ઘરમાં સ્વતંત્ર રીતે હરતું ફરતું, માની ગોદમાં ગેલ કરતું, સ્વની માગણીઓ વિના રોકટોક પૂરી કરતું બાળક હવે થોડું નિયમબદ્ધ બને છે. સહપાઠીઓ સાથે રમે છે, જ્ઞાનના પાઠ ગમ્મત સાથે શીખે છે અને સરખે સરખાનો મેળ ધીમે ધીમે તેને રુચિકર લાગે છે. ત્યાંથી પ્રા. શાળા, મા. શાળા, ઉ.મા. શાળા, કૉલેજ વગેરેના પગથિયાં ચડતો ચડતો, આગળ વધતો શિસ્તબદ્ધ, નિયમબદ્ધ, જ્ઞાનપ્રાપ્તિના ધ્યેયમાં અગ્રેસર, સંપૂર્ણ પુરુષાર્થવાદી, અનેક વિષયોનો જાણકાર, સહાધ્યાયીઓ સાથે મિત્રતા બાંધીને ભણવામાં સહકારી થઈને ડીગ્રીઓ પ્રાપ્ત કરે છે અને સમાજમાં પોતાને ગોઠવવા માટે તૈયાર કરે છે. તેના વિકાસનું દરેક પગથિયું ગુરુની મદદથી જ પાર કરાય છે. ગુરુજીના શુભાશિષથી તે ઈચ્છિત લક્ષ્યે પહોંચી શકે છે. ગુરુ પ્રત્યેનો ઉપકારભાવ તે અનુભવે છે અને મળેલ સફળતા માટે નિજની જાતને ધન્ય અને અહોભાગી માને છે.

સંસાર શરૂ કરીને મનુષ્ય પોતાની ફરજો, જવાબદારીઓ બજાવતો થઈ જાય છે. પણ સમય જતાં સંસારની નિઃસારતા, સ્વજનોનો સ્વાર્થ, સગાંવહાલાંના વાંધાવિરોધ, મિત્રોની અપેક્ષાઓ, નોકરીના બંધનો, બાળકોની અવનવી માંગણીઓ અને તેને પૂરી કરવાના સાંસા વગેરેનો ખ્યાલ આવતા અને સંબંધોની ભીડ વચ્ચે એકલો પડી જતાં તેનું વિચારશીલ, વ્યથિત મન કોઈ ગુરુની તલાશ માટે ઝંખે છે. આ બધામાંથી તેને શાંતિ અને સમતા કેવી રીતે મેળવવી, તેના માટેનું માર્ગદર્શન જરૂરી લાગે છે. સંસારઅટવિમાંથી કોઈ બહાર કાઢે અને મનને શાતા, સમાધાન પૂરા પાડે

તેવો ભોમિયો, રાહબર તેને જરૂરી લાગે છે. બેચેની, અશાંતિ અનુભવતો તે સાચા ગુરુની શોધ કરે છે. ગુરુ તેને આ કળણમાંથી બહાર કાઢશે અને સાચો રાહ, સાચી દિશા તરફ લઈ જશે તેવી તેનામાં આશા જન્મે છે.

ગુરુ એટલે કેવી વ્યક્તિ, કેટલી વિશિષ્ટતા ધરાવતી વ્યક્તિ તે સમજવું જરૂરી છે. જેને - તેને ગુરુ બનાવી શકાય નહીં.

- ગુરુ એટલે અજ્ઞાનના અંધકારમાંથી બહાર કાઢીને જ્ઞાનના પ્રકાશ તરફ દોરી જતી વ્યક્તિ.
- ગુરુ એટલે વ્યક્તિના શૂન્ય મનને આધ્યાત્મિકતા સમજાવીને સંસ્કાર, શિક્ષણ, ધર્મ, ભાવ, ભક્તિ, ભગવાન વગેરેથી સભર કરતી વ્યક્તિ.
- ગુરુ એટલે વ્યક્તિની ખામીઓ ખૂબીઓ, લાક્ષણિકતાઓ સમજીને તેના દોષ દૂર કરતી અને ખૂબીઓમાં વૃદ્ધિ કરતી વ્યક્તિ.
- ગુરુ એટલે જેનામાં મોટપ હોય, ઉચ્ચતા હોય. જ્ઞાનને પ્રયોગમાં મૂકવાની તાલીમ આપતી વ્યક્તિ.
- ગુરુ એટલે આત્મા, પરમાત્મા વગેરેમાં અધિક રસ લેતી અને તેમાં ઓતપ્રોત થવા મથતી વ્યક્તિને તે પ્રકારની સમજણ આપે તે.
- આત્માની પ્રત્યક્ષ ઓળખાણ થઈ હોય અને સાધક કે આરાધક વ્યક્તિને તે માર્ગનું યોગ્ય માર્ગદર્શન આપવાની સમર્થતા હોય તેવી વ્યક્તિને ગુરુ ગણવામાં આવે છે.
- "આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય;
  બાકી કુળગુરુ કલ્પના, આત્માર્થી નહીં જોય."
  (આત્મસિદ્ધિ - ૩૪)
- મૌનના ધારક અને આત્મજ્ઞાન પ્રાપ્ત મુનિ જ સાચા ગુરુ છે. કુળગુરુ તરીકે મનાતા ગુરુ એ સાચા ગુરુ નથી. આત્મજ્ઞાન મેળવવાની તેમને લગની પણ નથી હોતી.
- ગુરુ એટલે શિક્ષાર્થીના સંશયો અને સંદેહોને ભાંગનાર અને તેના સંપૂર્ણ મનને વહેમનાં વાદળોમાંથી બહાર કાઢનાર, ભગવાનમાં સંપૂર્ણ શ્રદ્ધા જન્માવનાર ધર્મનિષ્ઠ વ્યક્તિ. રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદ - ગુરુ - શિષ્યના સંબંધનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.
- "કરે સારણા, કદી વારણા, નિત ચોયણા, પ્રતિચોયણા,
  ઉપાધ્યાયના શુભ ચરણમાં કરું ભાવથી હું વંદના."
  ('નવપદ છત્રીસી'માંથી)
- ઉપાધ્યાય એટલે સાધુગણને શાસ્ત્રોક્ત બાબતો શીખવનાર, સમજાવનાર, હૃદયસ્થ કરાવનાર, મોક્ષમાર્ગાનુસારી સાચા ગુરુ છે. તે સાધુ-સાધ્વીજીઓને શીખવેલું યાદ કરાવે છે, ભૂલ થાય ત્યાંથી પાછા વળવાનું કહે છે, અટકાવે છે. ક્યારેક ઠપકો પણ આપે છે અને જરૂર લાગે તો યોગ્ય દંડ કે શિક્ષા પણ કરે છે. તેમનું જ્ઞાનદાન શીખનારને સંપૂર્ણ કરવા માટેનું - સાચા ગુરુનું જ છે.
- શાસ્ત્રજ્ઞાન - અધ્યાપનની વચ્ચે ઘણીવાર અડચણો, અવરોધો, અંતરાયો શિક્ષાર્થીને નિરાશાની ગર્તમાં નાખી દે છે. તેવા સમયે હતાશામાંથી બહાર કાઢનાર, નૈતિક ટેકો આપનાર, દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત ગુરુ જ તેને પૂર્વવત્ કરે છે, આગળ વધારે છે.
- લોઢાને સુવર્ણમાં પરિવર્તિત કરનાર પારસમણિ જેવા ગુરુ શિષ્યને અનુભવ દ્વારા જ્ઞાન આપીને, સમતા, સહિષ્ણુતા, જ્ઞાન પ્રાપ્તિની ધગશ, ખંત, ચીવટ, સતત અભ્યાસ

વગેરે દ્વારા પોતાનાથી સવાયો બનાવીને સંતોષ મેળવે છે. અનેક સદ્‌ગુણો આરોપિત કરનાર, કર્મનિષ્ઠ કરનાર ગુરુ જ છે.

- ગુરુ, માતા, પિતા, બંધુ, સખા, હિતકારી છે. શિષ્યના ઘડતરમાં ગુરુ જ સર્વેસર્વા છે. અત્યંત ઉપકારી એવા, જેને આપણે એક એક પળ વંદન કરીએ તે મોક્ષમાર્ગે પહોંચાડનાર ગુરુ જ છે.
- દરજી, સોની, લુહાર, સુથાર, કુંભકાર યોગ્ય પદાર્થોને તેના પર વિધિઓ કરીને ઉચિત અને નયનરમ્ય ઘાટ આપે છે, તે રીતે ગુરુ પણ પોતાના શિષ્યનો જ્ઞાનપ્રાપ્તિથી યોગ્ય ઘાટ ઘડીને પોતાના સમ બનાવે છે. પથ્થર જેવા શિષ્યમાંથી પ્રતિમા બનાવનાર ગુરુ જ છે.

સંક્ષેપમાં કહીએ તો ગુરુ આત્મજ્ઞાની, આત્મપ્રાપ્ત હોવા જોઈએ. તો જ તે પોતાના શિષ્યનો આશય સમજીને, એ રીતની સમજણ આપીને તેને પણ આત્માનું ભાન કરાવી શકે. ગુરુને આત્મા વિશેની પૂરેપૂરી જાણકારી હોય છે. અનુભવ પણ છે. તેથી તે સચોટ માર્ગદર્શન આપી શકે.

સમતા, સમત્વ જેનામાં છે તે સમદર્શી ગુરુ છે. ગુરુનો આ આગવો ગુણ શિષ્યને સ્થિતપ્રજ્ઞ, તટસ્થ, મધ્યસ્થી બનાવે છે.

''શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન અમાને વર્તે તે જ સ્વભાવ જો,
જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો,
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?''

કોઈપણ પરિસ્થિતિમાં આનંદ નહીં, દુઃખ નહીં, હર્ષશોક નહીં, જીવન-મરણ, મોક્ષ કે નવો જન્મ-ગુરુને માટે બધું સરખું જ છે. સમદર્શી ગુરુને પરિસ્થિતિનો પલટો કોઈ અસર કરતો નથી. તેઓ તો અંતરથી શાંત, સ્વસ્થ, સ્થિર, પ્રસન્ન, સમદૃષ્ટિ ગુરુ છે. તેથી શિષ્ય ગુરુના રંગમાં પૂરેપૂરો રંગાઈ જાય છે અને જીવનને ધન્ય બનાવે છે.

નિઃસ્વાર્થ, નિઃસ્પૃહ, નિરીચ્છ ગુરુ શિષ્યને માત્ર આપવામાં જ સમજે છે, લેવાની કોઈ અભીપ્સા નથી. શિષ્યો વધારવાનો પણ ગુરુને અભરખો નથી. કીર્તિ, જશ, નામના વગેરેથી ગુરુ દૂર ભાગે છે. અયાચકવૃત્તિના ગુરુ આત્માની ભજનામાં જ રત રહે છે. બોલવાની જરૂર ન હોય તો ગુરુ મૌન જ રહે છે. મૌન ઉત્તમ પ્રકારનું શિક્ષણ છે, જેને શિષ્ય બરાબર સમજી લે છે.

શાસ્ત્રજ્ઞાનની અતિશયતા ગુરુમાં હોય છે. આવા ગુરુનો ઉપદેશ પામવો એ સાંભળનારનું મહત્ ભાગ્ય છે. ગુરુનું કથન પૂર્વાપર અવિરોધ અને અસંદિગ્ધ હોય છે. તેમની વાણી આત્મામાંથી લૂછાઈને સહજતાથી, સરળતાથી, અખંડ ધારા સમ વહે છે. તેમનો બોધ પોતાના જીવનમાંથી જ સ્ફૂરતો હોય છે; જેમાં કોઈની ઘોર ખોદી નાખે એવી નિંદા પણ નથી અને હરખથી છલકાવી નાખે એવી પ્રશંસા પણ નથી. તેમનું સદાચારયુક્ત જીવન જ તેમનો મહાન સંદેશ પુરવાર થાય છે.

ગુરુની પાસે અનેક પ્રકારના શિષ્યો આવે છે. ગરીબ-શ્રીમંત, બુદ્ધિશાળી-મંદમતિ, રાજકુમાર-ગરીબ બ્રાહ્મણના પુત્ર વગેરે. ગુરુ સૌને એક સમાન જ્ઞાન આપે છે. વરસાદ જેટલો ઉકરડા પર પડે છે તેટલો જ ઉદ્યાન પર પણ પડે છે. પણ ઉકરડો ગંધાઈ ઊઠે છે, જ્યારે ઉદ્યાન વિકસિત થાય છે, મહેકે છે. જેવી જેની પાત્રતા તે પ્રમાણે ફળ મળે છે. કૃષ્ણ અને સુદામા પણ સાંદિપની ઋષિના આશ્રમમાં સાથે જ ભણેલા અને બંનેની

દોસ્તી કાયમ માટે રહેલી, બંનેએ નિભાવેલી.

ગુરુ મોક્ષમાર્ગ પ્રાપ્તિની આરાધનામાં જરૂરી બાબતોનું જ્ઞાન શિષ્યને આપે છે, તત્ત્વજિજ્ઞાસા સંતોષે છે. જ્ઞાનીપુરુષોના, તીર્થંકરોના ઉદાહરણો આપીને સાધનામાં પડતી મુશ્કેલીઓ વર્ણવે છે. મોક્ષ અર્થાત્ મોહના ક્ષયનો પંથ કેટલો કઠિન છે તેની વાત સાંભળતા શિષ્યમાં જોમ, જુસ્સો આવે છે અને તે પણ બધું સહન કરવા સજ્જ થાય છે.

મોક્ષમાર્ગની પ્રાપ્તિ માટે સત્શાસ્ત્રોનું વાચન કરી શકાય પણ તેમાં માત્ર માર્ગ જ કહ્યો છે. મર્મ તો જ્ઞાનીઓના અંતરમાં સમાયેલો છે. તેથી પ્રત્યક્ષ સદ્ગુરુનું સાન્નિધ્ય, તેમની ધર્મ-મર્મ સમજાવતી અસ્ખલિત પ્રેરણાદાયી વાણી, તેમનો પ્રભાવ, આંજી દેતું વ્યક્તિત્વ, આત્માની અનુભૂતિ તે બધું ખરેખર અજોડ હોય છે. તેથી શિષ્યના સદ્નસીબે આવા પ્રતાપી, પ્રભાવી સદ્ગુરુ મળી જાય તો કર્મરહિત થતાં વાર લાગતી નથી. ગુરુ-ઉપદેશની સચોટ અસરથી અસાધારણ ને ઉત્કૃષ્ટ, ઉત્તમોત્તમ આનંદ દેવાવાળી મોક્ષલક્ષ્મી ઝડપથી મળી જાય છે.

- "શુદ્ધ ચિત્ત સેવે સદ્ગુરુને, મૂકી મનનો મેલ,<br>કહે પ્રીતમ ભવસાગર ભૂંડો, તેને તરવો સહેલ."
- "ગુરુ બિન જ્ઞાન ન ઉપજે, ગુરુ બિન મિટે ના ભેદ,<br>ગુરુ બિન સંશય ના મીટે, જય જય જય ગુરુદેવ."
- "આત્મા ઔર પરમાત્મા, અલગ રહે બહુ કાલ,<br>સુંદર મેલા કર દિયા, સદ્ગુરુ મિલા દલાલ."
- "સેવે સદ્ગુરુ ચરણને, ત્યાગી દઈ નિજ પક્ષ;<br>પામે તે પરમાર્થને, નિજ પદનો લે લક્ષ."
- "માનાદિક શત્રુ મહા, નિજ છંદે ન મરાય;<br>જાતાં સદ્ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય."

ગુરુનો સંપર્ક, સહવાસ, ચરણસેવના, વર્તન, વ્યક્તિત્વ શિષ્યના મનની વિષયકષાયની કાલિમા - મલિનતાને દૂર કરીને ચિત્તને શુદ્ધ કરે છે. ચિત્ત શુદ્ધ થયા પછી ભૂંડો ભવસાગર તરવો સહેલો છે.

ગુરુ વગર જ્ઞાન મળે નહીં, તેના વગર અંતર ભેદાય નહીં, ધર્મના રહસ્યો જાણી શકાય નહીં, શંકાઓનું સમાધાન મળે નહીં. તેથી સર્વાંગ સંપૂર્ણ ગુરુદેવનો જયજયકાર બોલાવવો જોઈએ.

આત્મા અને પરમાત્મા એક જ છે પણ કર્મની રેખાની આડશથી તે બંને અલગ, ઘણા સમયથી છે, પણ સદ્ગુરુ જેવા નિષ્ણાત દલાલે કર્મહીન થવાની શીખ આપ્યા પછી બંને વચ્ચેનો મેળાપ થઈ ગયો છે, અથવા જલ્દી થઈ જશે તેવી આશા છે.

નિજના મત-મતાંતરને, સ્વચ્છંદને, પ્રતિબંધને, એક બાજુ કરીને જો સદ્ગુરુના ચરણની સેવા મળે તો તે જરૂર પરમાર્થને પામી શકે અને પોતાના આત્મપદ પર જ લક્ષ્ય કેન્દ્રિત કરે.

માન, અભિમાન, ગર્વ, અહમ્ વગેરે શિષ્યના મહાન શત્રુ છે અને તે પોતાના પ્રયત્નોથી કદી જાય નહીં. પણ જો સદ્ગુરુના શરણમાં જઈએ તો બહુ થોડા પ્રયાસે તેનાથી છૂટી શકાય છે અને સત્-ચિત્-આનંદ સ્વરૂપ આત્માને જાણી શકાય છે.

આ રીતે આગળ વધતો શિષ્ય સંસારની અસારતાને મનમાંથી ભૂંસીને, ગુરુ પાસેથી મળેલાં સારરૂપ કથનો, સલાહસૂચનો, પ્રશ્નોનું સમાધાન મેળવે છે અને મોક્ષમાર્ગની સમજણ અને પ્રાપ્તિનું મૂલ્ય તેને તે તરફ ડગલાં ભરતો અને આગળ વધતો કરે છે.

"જેની કાયા પ્રશમ ઝરતી, સૌખ્ય આનંદ આપે,<br>જેની આંખો અમી વરસતી, ચિત્ત સંતાપ ટાળે,

જેની વાણી અમૃત ઝરતી, આત્મનો બોધ આપે,
એવા ગુરુનું દરિશણ રૂડું, મુક્તિનો પંથ કાપે.''

ગુરુ પ્રશમરસનું સુખાનંદ આપતું ઝરણું છે. ચિત્તના સંકલેશો ટાળતી અમૃત વર્ષણ કરતી આંખો છે. આત્માનો બોધ આપતી અમૃતરસ સભર વાણી છે અને માત્ર તેના દર્શન કરવાથી જ મુક્તિપંથે પહોંચાડનાર એવા ગુરુ છે.

''આત્મભ્રાંતિ સમ રોગ નહીં, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહીં, ઔષધ વિચાર ધ્યાન.''

**- શ્રી આત્મસિદ્ધિ - ૧૨૯**

આત્મા અને દેહ એક જ છે એવી દેહાત્મ-બુદ્ધિ રાખનારનું પ્રમાણ વધારે છે. આ એક આધ્યાત્મિક રોગ છે. તેથી આત્મભ્રાંતિના રોગને નાબૂદ કરવા માટે સદ્‌ગુરુ સાચા અને જાણકાર વૈદ્ય છે. ગુરુની આજ્ઞા પ્રમાણે જ વર્તવું તે પરેજી છે, હિતકારી પથ્ય છે અને રોગ મટાડનાર અકસીર દવા જેવા વિચાર અને ધ્યાન છે.

ગુરુ દલાલ છે, ગુરુ ભોમિયા, રાહબર અને માર્ગદર્શક છે. ગુરુ સાકાર ઈશ્વર છે. ગુરુ જ માતાપિતા છે.ગુરુ રોગપારખુ વૈદ્ય છે. ગુરુ મોક્ષમાર્ગદર્શી છે.

મહાવીરસ્વામીના પ્રથમ શિષ્ય અતિ જ્ઞાની એવા ગુરુ ગૌતમને ભાવવિભોર થઈને સૌ યાદ કરે છે.

''દેવ ગુરુને ધર્મ ત્રણેમાં, ગુરુપદની જ વડાઈ,
સાચા ગુરુ સમજાવે, સાચા દેવ-ધર્મ સુખદાયી.''

હિંદુ ધર્મમાં ગોવિંદ કરતાં ગુરુને મોટા ગણવામાં આવે છે. કારણકે આવા ગુરુ જ દેવ અને ધર્મનું મહત્ત્વ સમજાવી તે જ સુખદાયક છે એવું મનમાં દૃઢ કરાવનાર છે.

''સદ્‌ગુરુ સ્વરૂપ સદા સુખદ, શ્રવણ-મનનને યોગ્ય,
અભ્યુદય સંપત્તિ સહિત, આપે આત્મ આરોગ્ય.''

સદ્‌ગુરુના વચનો ધ્યાનપૂર્વક સાંભળ્યા હોય તો તે શ્રવણ કર્યા પછી ચિંતન-મનન કરવાને યોગ્ય છે. તે આધ્યાત્મિક વિકાસ અને તેવી જ સંપત્તિ આપનારા સુખદ અને આત્માનું આરોગ્ય બક્ષનારા છે.

''સદ્‌ગુરુ પદમેં સમાત હૈ, અરિહંતાદિ પદ સર્વ,
તાતૈં સદ્‌ગુરુ-ચરણકો, ઉપાસો તજી ગર્વ.''

સદ્‌ગુરુ પદમાંજ નવકારમંત્રના અરિહંત વગેરે બધા પદ સમાઈ જાય છે. એવા સદ્‌ગુરુના ચરણકમળમાં અભિમાનને તજીને ઉપાસના કરવી આવશ્યક છે.

ગુરુની કૃપા, ગુરુના ઉપકાર, ગુરુની કરુણા, ગુરુની શિષ્યને સંપૂર્ણ અને સવાયો બનાવવાની લાગણી અવર્ણનીય છે, નિઃશબ્દ છે. ગુરુ જ આપણા માટે સર્વસ્વ છે. પિતાની આંગળી પકડીને બાળક ચાલતા શીખે એમ જ ગુરુના ઉપકારથી શિષ્ય મોક્ષમાર્ગ તરફ ચાલવા શક્તિમાન થાય છે.

સાકાર ધ્યાન માટે ગુરુની મૂર્તિ મનમાં, હૃદયમાં, આત્મામાં રમવી જોઈએ. ગુરુની સમીપ રહેવા માટે ગુરુના ચરણકમલની સેવના કરવી જોઈએ. ગુરુ બોધ કે ઉપદેશ સ્વરૂપે જે કાંઈ કહે તેને ગુરુદત્ત મંત્ર સમજીને તેનું સતત, સદાય રટણ કરવાનું છે. આ બધું કરતાં જો અશરીરી પદ પ્રાપ્ત થઈ જાય તો ગુરુની મહેરબાની ઘણી જ છે, પોતાના શિષ્ય પર ઘણી કરુણા છે એમ સમજવાનું છે. ગુરુ જ આત્મા છે, ગુરુ જ પરમાત્મા છે, અને ગુરુ જ સર્વસ્વ છે. આવા ગુરુ અવિસ્મરણીય છે.

■ ■ ■

# મહિમાવંત ગુરુપૂર્ણિમા

વિભાબેન એસ. મહેતા

અષાઢી પૂર્ણિમા એટલે ગુરુપૂર્ણિમાનો પવિત્ર દિવસ. ગુરુઋણ અદા કરવાનો તથા ગુરુ પ્રત્યે આભાર અભિવ્યક્ત કરવાનો અણમોલ દિવસ. ગુરુ અને શિષ્યના પ્રેમનું પાવન પર્વ. ગુરુ પાસેથી આપણે જે પામ્યા છીએ તેમાંથી યત્કિંચિત ગુરુ ચરણોમાં સમર્પણ કરી ગુરુવંદનાનો અને આશીર્વાદ મેળવવાનો પવિત્ર દિવસ. ભારતીય ધાર્મિક પરંપરામાં ગુરુદેવનું સ્થાન સૌથી ઉચ્ચ શિખરે પ્રસ્થાપિત છે. સદ્‌ગુરુનું સ્થાન પ્રભુની સમકક્ષ અગર તેમનાથી ઉપર ગણવામાં આવ્યું છે. કારણકે ભગવત્પ્રાપ્તિ કે જે મનુષ્યનું મુખ્ય અને અંતિમ લક્ષ્ય છે તે ગુરુકૃપાથી જ પ્રાપ્ત થાય છે. આપણા જીવનને ભીતરથી શણગારનાર, સત્ધર્મ અને સત્માર્ગ બતાવી આત્માને ઓળખવાની બહુમૂલ્ય દૃષ્ટિ આપી મોક્ષનો પંથ બતાવનાર તથા આપણી સંસ્કૃતિના ઘડવૈયાનું પૂજન આ પવિત્ર દિવસે કરી આપણા સદ્‌ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો તથા ગુરુ પ્રત્યે આપણી અનન્ય ભક્તિ દર્શાવવાનો મહામૂલ્ય અવસર પ્રાપ્ત થાય છે. આ પર્વ એટલે શ્રદ્ધા, સમર્પણ અને આદર્શોના માર્ગે ચાલવાનો અને ગુરુ પાસેથી પ્રાપ્ત કરેલા સંકલ્પોને પરિપૂર્ણ કરવાનું પર્વ છે.

ગુરુ અને શિષ્યના પવિત્ર આધ્યાત્મિક સંબંધની વિશિષ્ટતા એ ભારતીય સંસ્કૃતિની દેન છે. ગુરુ-શિષ્યનો સંબંધ એટલે બ્રહ્મ અને જીવનો સંબંધ. દુનિયાના દરેક સગપણ, દરેક સંબંધ કરતાં શ્રેષ્ઠ અને પવિત્ર ગુરુ-શિષ્યનો સંબંધ ગણાય છે. ગુરુ શબ્દ સાંભળતા, બોલતાં કે વાંચતા મન પુલકિત થઈ જાય છે. રોમાંચતા અનુભવાય છે. ગુરુના ગુણગાન અને તેમનું માહાત્મ્ય સર્વ ધર્મોમાં અદકેરું રહ્યું છે. અંતરના ઓરડામાં અજવાળું પાથરનાર પથદર્શક એટલે જ સદ્‌ગુરુ.

સદ્‌ગુરુ એટલે અહંશૂન્ય, અહોભાવપૂર્ણ અને એ આધારશિલા એટલે પરમશક્તિ. એ પરમશક્તિનો ધોધ અવિરત શિષ્ય પ્રત્યે વહ્યાં કરે છે. આપણા વિભાવો પ્રત્યેની શૂન્યતા જ પરમશક્તિને ખેંચનાર તત્ત્વ બની જાય છે. એટલે શિષ્ય ખાલી બની જાય છે ત્યારે કલ્યાણની ભાવનાથી પરિપૂર્ણ બનેલા સદ્‌ગુરુ તુરત જ શિષ્યને પૂર્ણ બનાવી દે છે. સદ્‌ગુરુ જ પરંબ્રહ્મ છે, પરમ ગતિ છે, પરમ વિદ્યા, પરમ ધન, પરમ જ્ઞાન, પરમ કામ અને પરમ આશ્રય છે. સદ્‌ગુરુનું સ્થાન દેવથી પણ ઉપર છે. દેવને દેવ અને ભગવાનને ભગવાન બનાવનારા ગુરુ છે. પોતાની મધુરવાણી દ્વારા જગતને એ રહસ્ય બતાવ્યું ન હોત કે, ''ભગવાન તારી અંદર છે, અરે, તે જ તું સ્વયં છે'' તો કોણ જાણી શકત કે ભગવાન કોણ છે અને ક્યાં છે ? જ્યારે જીવનમાં પ્રભુકૃપા થાય છે ત્યારે જ સદ્‌ગુરુની પ્રાપ્તિ થાય છે.

સદ્‌ગુરુની ઓળખ તો તેમની વીતરાગતા અને શાંતજીવનથી થાય છે. તેઓ સદા નિર્ભય હોય છે. કોઈ વસ્તુનો શોક, ખેદ કે ચિંતા હોતી નથી. તેમને ક્રોધ નથી. તપ, જ્ઞાન, પ્રતિષ્ઠા, કીર્તિ આદિનું અભિમાન નથી. માન-સન્માનથી દૂર રહે છે. માયાચાર સેવતાં નથી કે લોભજનિત ભાવ રાખતા નથી. ચારે કષાયો પર વિજય મેળવી વીતરાગી શાંતિના પ્રતીક સમા હોય છે. સદ્‌ગુરુના અંતરંગ અને બાહ્ય જીવનમાં શાંતિ અને

વીતરાગતાના દર્શન થાય છે. સદ્‌ગુરુ શિષ્યના જીવનના સર્વ દોષ દૂર કરવા માટે, સર્વ અપરાધોથી રક્ષા કરવા માટે, મનનો મેલ દૂર કરવા માટે ક્ષણે ક્ષણે, પ્રસંગે-પ્રસંગે અને પગલે-પગલે ચેતાવી, દોષથી મુક્ત થવાનો માર્ગ બતાવે છે તે તેઓનું હિતચિંતકપણું છે.

સદ્‌ગુરુનું શરણું સ્વીકાર્યા પછી જ જીવનો માર્ગ સરળ બને છે. ગુરુના ચરણે પૂર્ણ શ્રદ્ધાથી પોતાનું અહંકારી મસ્તક મૂકીને નિશ્ચિંત થઈ વિશ્રામ પામનાર શિષ્યનો આધ્યાત્મિક માર્ગ મોકળો બની તેજોમય થઈ જાય છે. સદ્‌ગુરુના જ્ઞાનગંગોત્રીરૂપ મુખારવિંદમાંથી વહેતી અમૃત-વાણી શિષ્યના હૃદય સુધી પહોંચી જ્ઞાનપ્રાપ્તિનું વાહક બને છે. જે કાંઈ પ્રગટ અભિવ્યક્તિ થાય છે તે ગુરુવાક્ય-મંત્ર બની જાય છે. સદ્‌ગુરુ શિષ્યની પાત્રતા તથા આંતરિક ક્ષમતા જોઈને, જાણીને, વિચારીને તેને આધ્યાત્મિકતાના કાર્યમાં જોડે છે. સદ્‌ગુરુના સાન્નિધ્યમાં માત્ર સંકલ્પ જ હોય છે, વિકલ્પ હોતો નથી. ગુરુભક્તિથી ભાવિત થયેલાં શિષ્યના હૃદયમાં ગુરુ જ રમતાં હોય, ઉચ્ચારોમાં, આચારોમાં ગુરુના દર્શન જ જોવાં-જાણવાં અને માણવાં મળે છે. ગુરુભક્તિ એ જ્ઞાનપ્રાપ્તિની ચાવી છે. તેનાથી જ્ઞાનની આંખ અને ચારિત્રની પાંખ આવે છે. ગુરુ મિથ્યાત્વ મૂકાવે છે અને સમ્યગ્‌દર્શન તરફ આત્માને ઝુકાવે છે. ગુરુસંગથી હૃદયની વિશાળતા વધે છે. સંકુચિતતા ઘટે છે. નમ્રતાની વૃદ્ધિ થાય છે. જીવનમાંથી અજ્ઞાનતા, અવગુણ, કઠોરતા, ઈર્ષા-અદેખાઈ દૂર થાય છે. સમાધિ-શાંતિનું સર્જન થાય છે.

સદ્‌ગુરુ મળે અને અહંભાવ ન જાય તેવું બને નહિ. પણ શિષ્ય જો પૂર્ણ સમર્પણ ન કરે તો સુયોગ પણ ફળવાન થાય નહિ. સાચી સમર્પણતામાં જ શૂરાતન છે. સાચી અર્પણતા આવે તો જ યોગ સફળ થાય. દિવ્યનયન રૂપી ચક્ષુ જ્ઞાની સદ્‌ગુરુ દ્વારા સાક્ષાત્ પ્રાપ્ત થાય છે. સ્વચ્છંદ રહિત તેમની આજ્ઞાના અવિરત પાલન દ્વારા તે સહજ પ્રાપ્ત થાય છે. સ્વચ્છંદે માર્ગ મળતો નથી. સદ્‌ગુરુ એ પ્રગટ શુદ્ધ આત્મા છે. કોઈ મહદ્ પુણ્યના યોગે સદ્‌ગુરુનો યોગ મળે ત્યારે જો જીવ ઝૂકી જાય તો કાર્યસિદ્ધિ થઈ જાય. આજ્ઞાપાલન સત્ય પાળવા જેવું કઠિન છે. સત્ય આચરતા જીવને સદ્‌ગુરુ શોધવા પડતા નથી. તેમની કૃપા માટેની પાત્રતા સ્વયં સદ્‌ગુરુ પારખી લેતા હોય છે. શિષ્ય ગુરુને નહિ, ગુરુ જ શિષ્યને શોધી લેતા હોય છે ! શ્રીમદ્ રાજચંદ્રજીએ ઉપદેશ્યું છે કે હું કંઈ જ જાણતો નથી તેમ સમજીને સદ્‌ગુરુને સેવે તથા તન, મન, ધન અર્પણ કરી રહે તો સર્વદુઃખથી મુક્ત થાય. સંતની આજ્ઞારૂપ કૃપા મેળવ્યા વગર પોતાની કલ્પનાથી જે કંઈ કરે છે તેનું પરિણામ યથાર્થપણે પ્રગટતું નથી. સદ્‌ગુરુની કૃપા તથા તેમના શિષ્ય પ્રત્યેના પ્રેમથી સંસાર તરી જવાય છે. એટલે જ નીચેના શ્લોકમાં કહ્યું છે કે,

"ધ્યાનમૂલં ગુરુમૂર્તિઃ, પૂજા મૂલં ગુરુપદમ્,
મંત્રમૂલં ગુરુવાક્યં, મોક્ષમૂલં ગુરુકૃપા."

અધ્યાત્મવિદ્યાના બંધ દ્વારને ખોલી આપનાર, પવિત્રતા, નિર્દોષતા તથા સુંદરતા બક્ષી પરમાત્માના ચરણ સમીપ પહોંચાડનાર સદ્‌ગુરુની પવિત્ર મંગલમય પાવન પ્રસંગે સાચી ભક્તિ તથા અનન્ય શ્રદ્ધાથી ગુરુપૂજન કરી, ભાવવંદના કરીએ ગુરુનું ઋણ ઉતારી કૃતજ્ઞતા પ્રગટ કરીએ.

"પડી પડી તુજ પદ પંકજે, ફરી ફરી માગું એ જ;
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દેજ."

• • •

# અધ્યાત્મનું બંધારણ

**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

રાષ્ટ્ર સારું ચાલે તે માટે બંધારણ ઘડવું પડે અને તેના નિયમોનું પાલન કરવું પડે, તેમ આપણા સૌનું જીવન સારી રીતે ચલાવવું હોય તો તે માટે પણ બંધારણ બનાવવું. નિયમો નક્કી કર્યા હોય તે મુજબ ચાલવું; જેથી તમારી જિંદગી પ્રસન્નતાથી છલોછલ ભરાઈ જશે. દુનિયામાં પણ જો નજર કરવામાં આવે તો જણાશે કે મોટા ગજાની સફળતા મેળવનારા લોકોએ એમને એમ સફળતા નથી મેળવી. એમની પાસે પોતાની જિંદગીના સ્પષ્ટ લક્ષ્યો હોય છે. આ માટે ત્રણ શબ્દો મહત્ત્વના છે.

શક્તિ, સપના, સર્જન...

આપણને આપણી શક્તિ અને અશક્તિનો ખ્યાલ હોવો જોઈએ. હું શું શું કરી શકું તેની મને જાણ હોય. શું શું ન કરી શકું તેનું મને ભાન હોય. શું કરવાથી મને ફાયદો અને શું છોડવાથી મને નુકસાની છે તેની મને સમજ હોય.

આપણા સપના આપણી શક્તિનો મોભો જાળવે તેવા હોવા જોઈએ. લાખ રૂપિયા કમાઈ શકે એવો માણસ સો રૂપિયાની કમાણીનું સપનું જુવે તો તે દેવાળું ફૂંક્યું કહેવાય. આત્મા જો પરમાત્મા બની શકે તો બીજું શું શું ન કરી શકે ? મારી પાસે ભગવાન બનવાની યોગ્યતા છે. આ શક્તિ થઈ અને સપનું શ્રીમંત બનવાનું છે. તો શક્તિ ઊંચી અને સપનું નીચું થયું. સપનું શક્તિને અન્યાય કરનારું હોય તો તેમાં આપણે કેવળ ગુમાવતા જ રહેવું પડે.

શક્તિને અનુરૂપ સપનું જોવું - સપનાને અનુરૂપ લક્ષ્ય ઘડવાં - લક્ષ્યને અનુરૂચ આચરણ કરવું. આ જ પ્રગતિનો ક્રમ. આપણે પોતાની માટે ઘડેલું બંધારણ રાખી મુકવાનું નથી પણ દરરોજ વાંચવાનું છે. તેના આધારે દરરોજ ગઈકાલ અને આવતીકાલને સરખાવતા રહેવાની છે. બંધારણ એ રોજિંદુ આહ્વાન છે. શક્તિ-સપના અને સર્જનનો ત્રિકોણ બંધારણમાં આલેખાયેલો હોવો જોઈએ અને એ વાંચવાથી નવો ઉમંગ જાગવો જોઈએ.

મંત્રીશ્વર વસ્તુપાળે પોતાના આત્મનિવેદનમાં સાત માગણીઓ જણાવી છે - તેમાં શાસ્ત્રનો અભ્યાસ, ભગવાનને વાસ્તવિક નમસ્કાર, સજ્જનોનો સમાગમ, ગુણવાનજનોની પ્રશંસા, દોષવાનજનોના દોષો માટે સંપૂર્ણ મૌન, વાણીમાં મધુરતા અને સચ્ચાઈનો સુમેળ તથા આત્મતત્ત્વનો વિચાર.

પ્રભુ ! મારા જીવનમાં સતત શાસ્ત્રનો અભ્યાસ ચાલે, સ્વાધ્યાયની સરવાણી અખૂટ રહે એવી કૃપા કરજો.

પ્રભુ ! તમારા શબ્દો દ્વારા જીવનમાં સતત સુધારો લાવતો રહું તે સાચી વંદના છે. તમારી કૃપાને સંવેદી શકું તમારી કરુણાને લેખે લગાડી શકું તેવી ઊંચાઈ જોઈએ છે.

હે પ્રભુ ! જેમને મળું તે સારા લોકો હોય. હું તો કાયમ એજ ઇચ્છું છું - સારા માણસોની ઓળખાણ અને સારા માણસો સાથે સંબંધ.

હે પ્રભુ ! મારા બોલ ઊજળા હોય - મારા વચન વિધાયક હોય. મારા શબ્દોમાં ગુણાનુરાગ અને ગુણાનુવાદ મહોરે એવી કૃપા કરજો.

હે પ્રભુ ! મને સામે મળનારા માણસો પાપી હોય, દોષિત હોય, હીન હોય કે વગોવાયેલા - તેમને જોઈને મને કેવળ દયા આવે. તેમની નિંદા અને અપ્રચારનું માધ્યમ મારી જીભ ન બને.

હું બોલું તેમાં કડવાશ ન હોય, ઉગ્રતા કે આવેશ ન હોય. મારી રજૂઆત તોછડી ન હોય, મારી વાતો સાંભળનારને મીઠાશ અને મહેક મળે. મારી વાણી દ્વારા કોઈ ખટરાગ પેદા ન થાય. કહેવા યોગ્ય સાચી વાત કહેવાની હિંમત મારામાં હોય. ખોટી વાતનો મક્કમ જવાબ આપવાની આવડત હોય - પ્રિય વચન હિતને નુકસાનકારી ન નીવડે. હિતકારી વચન પ્રિયભાવને ધક્કો ન પહોંચાડી દે.

જન્મ પહેલાં હું હતો - મર્યા પછી હું હોઈશ, કેમ કે હું આત્મા છું.

# બાળ વિભાગ

સંકલન : મિતેશભાઈ એ. શાહ

## જ્ઞાનપિપાસા

સ્વ. ડૉ. ઝાકીરહુસેનના કુટુંબની ખ્યાતિ એક ધાર્મિક કુટુંબ તરીકે હતી. ડૉ. ઝાકિરહુસેનને પણ સંતો અને મહાત્માઓનો સત્સંગ કરવાનું ગમતું હતું.

એમના કુટુંબમાં એક સૂફીવાદી સંત આવતા હતા. એ સંતને પ્રાચીન ગ્રંથો વસાવવાનો અને વાંચવાનો ભારે શોખ હતો.

ઘણીવાર કોઈ દુર્લભ ગ્રંથ બજારમાં વેચાતો ન મળે તો જેની પાસે એવો ગ્રંથ હોય તેની પાસેથી થોડા દિવસ એ ગ્રંથ ઉછીનો લઈ આવે અને એની નકલ કરી લે. નકલ કર્યા બાદ એ ગ્રંથ એના માલિકને પાછો સોંપે.

એકવાર એક માણસ પાસેથી એક દુર્લભ ગ્રંથ એમણે મેળવ્યો અને એ ગ્રંથ ડૉ. ઝાકિરહુસેનને બતાવી કહ્યું, 'આની નકલ ન કરી આપો ?''

પોતે અનેક કામોમાં વ્યસ્ત રહેતા હોવા છતાં ડૉ. ઝાકિરહુસેને સંતને કહ્યું ''આપને હું આ ગ્રંથની નકલ જરૂર કરી આપીશ.''

પણ જેના પોતે ઉપકુલપતિ હતા એ યુનિવર્સિટીમાં લાઈટ હતી નહિ. એટલે એમણે રાતવેળા એક દીવાના પ્રકાશમાં ગ્રંથની નકલ કરવા માંડી. દિવસના તો એમને બીજાં જરૂરી કામો આડે સમય મળે એ શક્ય હતું નહિ, એટલે રાતે જ ગ્રંથની નકલ એમણે કરવી પડી.

એમના કેટલાક મિત્રોને આ વાતની ખબર પડી, તો તેમણે ડૉ. ઝાકિરહુસેનને કહ્યું, ''રાતના ઉજાગરા વેઠીને આ ગ્રંથની નકલ કરવાનું તમે શા માટે સ્વીકાર્યું ?''

ડૉ. ઝાકીરહુસેને કહ્યું, ''મને આનાથી ત્રણ લાભ થાય છે : એક તો, મને સંતની આ રીતે સેવા કરવાનો લાભ મળે છે; બીજું, મારા અક્ષરો સુધારવાનો પણ લાભ મળે છે; અને ત્રીજો લાભ કે જેને હું મોટામાં મોટો લાભ માનું છું તે એ છે કે, આવો દુર્લભ ગ્રંથ વાંચવાની તક મને મળી રહી છે ! જો નકલ કરવાની જવાબદારી મેં ન લીધી હોત તો આ દુર્લભ ગ્રંથ હું ક્યાંથી વાંચી શકત ?''

## સેવાભાવી દાકતર

બંગાળના એક સાધુ પુરુષ ! નામ નાગમહાશય !

એમની સેવાભાવનાની કોઈ હદ નહિ. વ્યવસાયે તેઓ દાક્તર હતા.

દાકતરી ધંધો પૈસા કમાવા માટે નથી, પણ સેવા કરવાનું તે એક ઉત્તમ માધ્યમ છે એવી ભાવનાથી જ તેઓ આ વ્યવસાયમાં પડ્યા હતા.

એક દિવસ એક ગરીબ માજી માંદા હોવાની તેમને ખબર પડી.

ખબર પડતાં જ તેઓ માજીને ત્યાં જવા ઘર બહાર નીકળ્યા.

શિયાળાની કડકડતી ઠંડી હતી, છતાં તેની કશી પરવા કર્યા વિના લાંબો પંથ કાપીને તેઓ માજીની ઝૂંપડીએ પહોંચ્યા.

તેમણે માજીને તપાસીને થોડી દવા આપી.

સાથોસાથ માજીને આશ્વાસન આપતાં તેઓ કહેવા લાગ્યા, ''માજી, ચિંતા કરશો નહિ. તમને બેચાર દિવસમાં આરામ થઈ જશે. દવા નિયમિત લેતા રહેજો.''

પણ આ શબ્દો બોલતાં તેમની નજર માજીએ ઓઢેલી એક જીર્ણ, ફાટેલી, ઠેરઠેર કાણાંવાળી અને ઘસાયેલી કામળી પર પડી.

આ જોતાં જ તેઓ બોલી ઊઠ્યાં, ''માજી, બીજી સારી કામળી ઓઢો. આ ફાટેલી કામળીથી તમને શરદી થઈ જશે.''

માજીએ કહ્યું, ''બેટા, ઘરમાં બીજી સાજી કામળી હોય તો ઓઢું ને !''

આ શબ્દોએ નાગમહાશયના હૃદયને કંપિત કરી મૂક્યું. તેમની આંખો આંસુથી ભીંજાઈ ગઈ.

એક પણ ક્ષણનો વિલંબ કર્યા વિના તેમણે પોતે ઓઢેલી નવી કામળી માજીને ઓઢાડી દીધી અને કહ્યું, ''લો, માજી ! હવે તમને ઠંડી નહિ લાગે !''

એટલું કહીને વગર કામળીએ તેમણે પોતાના ઘર તરફ પગ ઉપાડ્યા.

આખે માર્ગે તેમને એક સંતોષ અનુભવાઈ રહ્યો હતો કે, 'વાહ ! ઈશ્વરે મને ગરીબ માજીની સેવા કરવાની આજે કેવી ઉમદા તક પૂરી પાડી !'

## માતૃભાષા

અમેરિકાના સરકસમાં ભારતમાંથી એક હાથી લાવવામાં આવ્યો. એનું નામ રાખ્યું 'બોઝો'.

બોઝો રમતિયાળ સ્વભાવનો હોવાથી નાના બાળકોમાં અતિપ્રિય થઈ પડ્યો.

સદા શાંત અને રમતિયાળ બોઝો એક દિવસ ચાલુ ખેલે બગડ્યો. એણે ખેલ તો ન કર્યા પણ એની સૂંઢમાં પકડી પકડીને ખુરશીઓ ઉછાળી. નાસ-ભાગ થઈ ગઈ.

પોલીસ આવી. ચારે બાજુ કોર્ડન કરવામાં આવી. પોલીસ કહે, ''હાથી ગાંડો થયો હોય તો એને 'શૂટ' કરી નાખવો પડે.''

સરકસવાળો પાક્કો વેપારી હતો. એણે જોયું કે હવે હાથીને 'શૂટ' કરવો જ પડે તેમ છે તો એનો પણ એક જાહેર શૉ રાખીએ... પૈસા તો મળે.

હાથીને જાહેરમાં 'શૂટ' કરવાના શૉની જાહેરાત ચારે બાજુ કરી દીધી અને તમાશાપ્રિય લોકોએ ટિકિટો ખરીદવા માંડી.

સમય થયો એટલે હાથીને 'શૂટ' કરવા માટે પોલીસને અનુમતિ આપવામાં આવી...

પોલીસમેનો 'પોઝીશન' ગોઠવે એ પહેલા એક માણસ ઊભો થયો. એણે કહ્યું, ''આ હાથીને મારશો નહીં, હું એને શાંત કરી દઈશ...''

હાથીથી થોડે દૂર ઊભો રહી પેલો માણસ હિન્દીમાં કશુંક બોલવા માંડ્યો અને ચમત્કાર થયો. હાથીનો આવેશ ઠંડો પડવા માંડ્યો. થોડીવારમાં તો એ ડોલવા માંડ્યો.

'તમે શું મંત્રો ભણ્યા ?' મેનેજરે પેલા માણસ - કે જેનું નામ 'રુડ્યાર્ડ કિપ્લીંગ' હતું - ને પૂછ્યું

રુડયાર્ડ કહે, ''આ ભારતનો હાથી છે. હિંદીભાષી લોકો વચ્ચે ઉછરેલો છે. અહીં અંગ્રેજી સાંભળી સાંભળી કંટાળી ગયેલો. મેં એની જોડે હિંદીમાં સંભાષણ કર્યું અને માતૃભાષા સાંભળીને એનો આવેશ ઠંડો પડી ગયો.''

પોતાનો કિંમતી હાથી બચાવવા, બદલ રુડ્યાર્ડનો આભાર માનતાં મેનેજરે 'શેકહેન્ડ' કરવા હાથ લંબાવ્યો. પણ રુડ્યાર્ડ કિપ્લીંગે કહ્યું, ''પ્રાણીની લાગણીને સમજ્યા વિના એને ખતમ કરવા તૈયાર થનારા અને આવા નિર્દય પ્રાણીહત્યાના પણ જાહેર 'શૉ' કરીને પૈસા રળવાની જ વૃત્તિ ધરાવતાં તમારા જેવા ધંધાદારીઓ જોડે હસ્તધૂનન કરી હું મારા હાથને અભડાવવા નથી માંગતો.''

પશુઓને પણ પોતાની ભાષા પ્રત્યે, વતન પ્રત્યે લગાવ હોય છે. પૈસા રળવા માટે એમને વતનથી વિખૂટાં પાડતાં સરકસવાળા અને કોન્વેંટમાં બાળકોને ભણવા મૂકી માતૃભાષા અને રાષ્ટ્રભાષાથી વિખૂટાં પાડતાં માતા-પિતાઓએ આ બાબતે વિચારવા જેવું છે.

■ ■ ■

# જીવનમાધુર્ય : દિવાળી પુસ્તિકા

**વિ. સં. ૨૦૭૧**

**સુવિચારોની નવીન પ્રચાર-પ્રસાર પદ્ધતિ**

નૂતન વર્ષ નિમિત્તે મોકલાતા મોંઘા Greeting Cards કે જેની માત્ર ઊડતી નજરે જોઈને ઉપેક્ષા કરવામાં આવે છે. તેને બદલે ઓછી કિંમતના પરંતુ સુંદર, પ્રેરક વિચારો ફેલાવતી આકર્ષક પુસ્તિકા ગ્રાહકો, મિત્રો, સ્નેહીઓને નૂતન વર્ષ નિમિત્તે કે માતા-પિતાના સ્મરણાર્થે, જન્મજયંતી કે અન્ય કોઈપણ સારા પ્રસંગે મોકલીએ તો, તેઓ તથા તેમના નિકટના સંબંધીઓ જરૂર વાંચે અને તેમાંથી તેમના જીવનમાં કોઈ સારા ગુણો જાગ્રત થઈ શકે.

આ દૃષ્ટિબિંદુને ધ્યાનમાં રાખી **શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા** દ્વારા છેલ્લા ૩૩ વર્ષથી દર વર્ષે દિવાળી પુસ્તિકાઓ બહાર પાડવામાં આવે છે. ગુજરાતી સમાજમાં ઘણી પ્રચલિત થયેલી આ પુસ્તિકાના લગભગ કુલ ૭૦,૦૦૦ નંગના ઓર્ડર આવે છે.

વિ. સં. ૨૦૭૧ની દિવાળી પુસ્તિકા **'જીવનમાધુર્ય'** (૪૦ પાના) તૈયાર થઈ રહી છે, જે લગભગ પર્યુષણ પર્વ દરમિયાન પ્રકાશિત થશે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળી પુસ્તિકાના પ્રકાશન અને વિતરણમાં નીચે મુજબના નિયમો-મર્યાદા રાખેલ છે :-

(૧) કવર સાથે **'જીવનમાધુર્ય'** ગુજરાતી પુસ્તિકાની પડતર કિંમત એક નંગના રૂા. ૬/- (છ રૂપિયા પૂરા) રાખેલ છે.

(૨) પુસ્તિકાનું ટાઇટલ ચાર કલર પ્રિન્ટિંગમાં નયનરમ્ય તૈયાર કરેલ છે. ટાઈટલ તથા કવર ઉપર નામ-સરનામું છાપવાની ૧ ઈંચ X ૩ ઈંચની સુંદર જગ્યા રાખવામાં આવેલ છે.

(૩) પુસ્તિકાને વિદ્વાનોના લેખો, પ્રેરક પ્રસંગો, ટૂંકા લેખો, રત્નકણિકાઓ, સુવિચારો, સદ્ગુણપ્રેરક અવનવી માહિતીથી સજાવવામાં આવી છે.

(૪) નામ-સરનામું છાપવા માટે ઓછામાં ઓછો ૫૦૦ પુસ્તિકાઓનો ઓર્ડર હોવો જરૂરી છે.

| | | |
|---|---|---|
| નામ-સરનામું છાપવાનો ખર્ચ : | ૫૦૦ પુસ્તિકાઓ | - રૂા. ૨૨૦/- |
| | ૧૦૦૦ પુસ્તિકાઓ | - રૂા. ૪૪૦/- |

(૬) ઓર્ડર ફોર્મ મુજબ પુસ્તિકાની કિંમત તથા પ્રિન્ટિંગ ચાર્જ તેમજ પોસ્ટેજ ખર્ચની રકમ રૂબરૂ અથવા ડ્રાફ્ટ કે મનીઓર્ડર દ્વારા **શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા**ના સરનામે મોકલવાની રહેશે.

(૭) તા. ૧૫-૧૦-૨૦૧૪ સુધીમાં ઑર્ડરફોર્મ મોકલી આપવા વિનંતી છે. ત્યારબાદ પ્રિન્ટિંગવાળા ઑર્ડર લેવામાં આવશે નહિ અને સાદી પુસ્તિકાઓ સ્ટોકમાં હશે તો જ મોકલવામાં આવશે. નામ અને સરનામું અંગ્રેજી કે ગુજરાતીમાં જે રીતે છાપવાનું હોય તે પ્રમાણે જ ફોર્મ ભરવું.

(૮) ઑર્ડર નોંધવા બાબતે કે પુસ્તિકાને લગતી માહિતી મેળવવા સંસ્થાના કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી છે.

# દિવાળી પુસ્તિકા માટેનું ઑર્ડરફોર્મ

કેટલા નંગનો ઑર્ડર છે ? _______________

નામ છાપવાનું છે ? _______________ હા _______________ના

નામ/એડ્રેસ જે પ્રમાણે છાપવાનું હોય તેની વિગત આ બોક્સમાં બની શકે તો ટાઈપ કરીને આપો.

તમારું ઇ-મેલ એડ્રેસ : _______________

ફોન નંબર : _______________

**નીચેના સેવાભાવી મહાનુભાવો પાસેથી દિવાળી પુસ્તિકાઓ પ્રાપ્ત થઈ શકશે.**

## સંપર્કસૂત્રો

### AHMEDABAD

(૧) **શ્રી મુકેશભાઈ આર. શેઠ**
શેઠ સન્સ : ફોન : (ઓ) ૨૫૩૫૬૬૪૬
(ઘર) ૨૬૪૦૧૨૫૧
મો. ૯૮૨૫૫ ૧૮૮૦૦

(૨) **ડૉ. રાજેશભાઈ સોનેજી**
ડૉ. સોનેજી હૉસ્પિટલ
ફોન : ૨૫૩૨૩૪૫૪
મો. ૯૮૨૪૦ ૪૭૬૨૧

(૩) **શ્રી જયેશભાઈ શાહ**
શાલિભદ્ર સ્ટેશનર્સ
ફોન : ૨૫૬૨૧૪૯૭, ૨૫૬૨૧૭૪૮
મો. ૯૯૦૯૦ ૦૬૦૪૮

(૪) **શ્રી સદ્‌ગુરુપ્રાસાદ**
પુષ્પવીલા, મીઠાખળી, ફોન : ૨૬૫૬૮૪૨૩
ભૂપતભાઈ : મો. ૯૯૨૪૬૩૫૨૬૧

### MUMBAI

(૧) **શ્રી કાંતિભાઈ કારાણી** (રૂપમ ડ્રાયફ્રુટ્સ)
મોબાઈલ : ૯૦૦૪૦ ૪૪૪૦૫
ફોન : (૦૨૨)૨૮૮૨૯૨૪૯ / ૨૮૮૯૭૩૮૦

(૨) **શ્રી દીનાબેન નગીનભાઈ પંચમિયા**
C/o. વિનોદ ટી સેન્ટર
મો. ૦-૯૨૨૨૦૭૭૬૩૯
ફોન : (૦૨૨) ૨૫૦૧૧૮૯૭
મો. ૦-૯૨૨૪૪૧૨૪૧૨

(૩) **શ્રી પુનિતભાઈ એસ. મહેતા**
C/o. મહેતા બ્રધર્સ એન્ડ કંપની
ફોન : (૦૨૨) ૨૨૬૭૪૯૪૦
મો. ૦-૯૮૨૦૪ ૦૦૨૬૭

(૪) **શ્રી નીતિનભાઈ પારેખ**
ફોન : (૦૨૨) ૨૪૦૭૬૨૦૦
મો. ૦-૯૮૨૦૩ ૨૯૨૭૭

## BANGLORE
**શ્રી જયેશભાઈ જૈન** (સુજય એન્ટરપ્રાઈઝ)
ફોન : (૦૮૦) ૨૨૮૭૨૯૮૯
મો. ૦-૯૩૪૧૦૪૧૮૪૭,
૦-૯૯૪૫૮ ૨૨૮૫૬, ૦-૯૯૮૦૭ ૨૪૬૧૯

## CHENNAI
**શ્રી નવનીતભાઈ પી. શાહ**
ફોન : (૦૪૪) ૨૮૩૪૦૭૩૦
મો. ૦-૯૮૪૦૯ ૮૫૦૯૮

## HIMATNAGAR
**શ્રી જયંતીભાઈ કે. શાહ**
ફોન : (૦૨૭૭૨) ૨૩૪૬૪૮
મો. ૯૩૭૭૪ ૬૭૯૫૬

## KOLKATA
**શ્રી અશ્વિનભાઈ ભાનુભાઈ દેસાઈ**
૩૫-૧, જવાહરલાલ નહેરુ રોડ,
કૈલાસ બિલ્ડીંગ, ફ્લેટ નં. ૧૧એ, કોલકાતા.
મો. ૦-૯૩૩૧૦ ૮૫૮૪૯/૪૭

## LIMBDI
**શ્રી ડૉ. હેમંતભાઈ ડગલી**
ફોન : (૦૨૭૫૩) ૨૬૦૨૯૮૦
મો. ૯૩૭૬૬૫૫૭૦૧, ૯૩૭૬૬૫૫૫૦૨

## LAXMIPURA
**શ્રી લાલજીભાઈ પટેલ**
ફોન : (૦૨૭૭૫) ૨૪૧૩૭૪
મો. ૯૯૨૪૭૪૨૨૭૫, ૭૬૯૮૨૮૪૭૪૫

## RAJKOT
**શ્રી નરેન્દ્રભાઈ વી. શાહ**
૬૩, અમૃતપાર્ક, ગલી નં. ૪, 'અમીદ્દષ્ટિ'
પંચવટી મેઈન રોડ, અતિથિ એપાર્ટમેન્ટ પાછળ,
રાજકોટ. ફોન : (૦૨૮૧) ૨૪૫૦૧૯૦
મો. ૯૪૨૭૨ ૫૪૫૫૯,૯૯૨૫૪ ૦૯૨૧૦

## RAKHIYAL
**શ્રી રામજીભાઈ પટેલ** (લોકનાદ શિક્ષણ સંકુલ)
ફોન : (૦૨૭૧૬) ૨૬૭૬૩૩
મો. ૯૮૨૫૪૮૪૭૯૫

## SURENDRANAGAR
**શ્રી અપૂર્વભાઈ સુરેશભાઈ શેઠ**
વર્ધમાન મૂળજી એન્ડ સન્સ
ફોન : (૦૨૭૫૨) ૨૩૨૩૦૬, ૨૮૫૧૭૮
મો. ૯૮૨૫૩ ૫૫૯૨૧,૯૪૨૬૭ ૫૫૧૬૬

## VADODARA
**શ્રીમતી શિલ્પાબેન પુલકિતભાઈ મહેતા**
C/o. ભારત ઉદ્યોગ હાટ
ફોન : (૦૨૬૫) ૨૫૫૯૫૩૬,
(ઘર) ૨૪૮૧૭૩૮, મો. ૯૩૭૬૨ ૧૬૨૬૬

## OVERSEAS

**U. K. (0044)**

1. Mrs. Shrutiben Malde
   Ph. 208-668-3057
2. Mr. Vinaybhai K. Shah
   Ph. 208-951-5424, 740-711-9456
3. Mr. Harshadbhai Sanghrajka
   Ph. 208-954-9632, 192-324-9898
   M. 0044-796-972-2109

**U.S.A. (001)**

4. Mr. Prafulbhai Lakhani
   Ph. 631-423-9647, (O) 516-679-1200
   M. 516-901-9368
5. Mr. Mahedrabhai Khandhar
   Ph. 714-894-2930, 714-376-5112
6. Mr. Birenbhai Pravinbhai Mehta
   Ph. 714-389-3672

**KENYA**

7. Mr. Manubhai S. Shah
   Ph. 254-2375-1679

**CANADA (Toronto)**

8. Mr. Jyotindrabhai Soneji
   Ph. 905-669-5318

# સમાજ-સંસ્થા દર્શન

## 'દિવ્યધ્વનિ'ના સુજ્ઞ વાચકમિત્રોને નમ્ર અનુરોધ

છેલ્લા થોડા વર્ષોથી કાગળ, પ્રિન્ટીંગ, ટાઈપસેટિંગ વગેરેમાં અત્યંત ભાવવધારો થયેલ છે; જેને કારણે અમારે કેટલાક નિર્ણયો લેવા પડ્યા છે, જે નીચે મુજબ છે. 'દિવ્યધ્વનિ'ની ક્વૉલીટી જાળવવા અમો સતત પ્રયત્નશીલ છીએ તો અમોને ઉદાર દિલે સહયોગ આપવા આપ સર્વેને નમ્ર નિવેદન છે :

(૧) 'દિવ્યધ્વનિ'ના આજીવન સભ્યનું લવાજમ રૂા. ૨૦૦૦/- તથા ત્રિવાર્ષિક લવાજમ રૂા. ૪૦૦/- રાખવામાં આવ્યું છે.

(૨) 'દિવ્યધ્વનિ' સહાયક દાતા તરીકે રૂા. ૧૧,૦૦૦/- ને બદલે રૂા. ૧૫,૦૦૦/- કરવામાં આવ્યા છે. સહાયક દાતા બનનારનું નામ 'દિવ્યધ્વનિ'ના જે તે અંકમાં ટાઈટલ-૪ પર રાબેતા મુજબ આપવામાં આવશે.

(૩) આપ સૌ પહેલાંના લવાજમ પ્રમાણે સભ્ય થયા છો તો 'દિવ્યધ્વનિ'ના પ્રકાશનમાં થતી ખોટને પહોંચી વળવા યથાશક્તિ આર્થિક સહયોગ આપવાની આપને નમ્ર વિનંતી છે. આપનું યોગદાન 'દિવ્યધ્વનિ સહાય ફંડ માટે' એમ નોંધ સાથે મોકલાવશો.

આપ સર્વેનો અમૂલ્ય સહયોગ સાંપડશે તેવી અમને ખાતરી છે.

## સંસ્થા સંચાલિત ગુરુકુળમાં સંસ્કારસિંચન શિબિર સંપન્ન

નવા કોબા સ્કૂલના નર્સરી તથા કે.જી.ના ઈનચાર્જ બહેનશ્રી શિલ્પાબહેનના સાન્નિધ્યમાં એક દિવસની ગુરુકુળના બાળકોની સંસ્કારસિંચન શિબિર તા. ૨૧-૬-૧૪ના રોજ રાખવામાં આવી હતી. બહેનશ્રી શિલ્પાબહેને જ્ઞાન સાથે આનંદ કરાવ્યો હતો અને બાળકોને અંતરની રુચિ હોય તેવી કળાના વિકાસ અર્થે બાળકોને ખૂબ પ્રોત્સાહન આપ્યું હતું. બાળકો પાસે ચિત્રો દોરાવ્યા હતા.

શ્રી શિલ્પાબહેને જણાવ્યું હતું કે અવારનવાર તેઓ ગુરુકુળમાં માર્ગદર્શન આપવા આવતા રહેશે. સંસ્થા વતી બહેનશ્રી શિલ્પાબહેનનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.

## સંસ્થા દ્વારા જરૂરતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ

સંસ્થા તરફથી જૂના કોબાની સરકારી સ્કૂલના ૧૨૦ બાળકોને સ્કૂલબેગ સાથે લંચબોક્ષ, પાણીની બોટલ, કંપાસબોક્ષ તથા સ્કૂલ માટે બે પંખા પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં ભેટ આપવામાં આવેલ છે.

આ પ્રસંગે સ્કૂલ તરફથી તા. ૨૦-૬-૧૪ના રોજ સવારે નાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. શાળાની બહેનોએ પ્રાર્થના તથા સ્વાગત નૃત્ય કર્યું હતું. પૂજ્યશ્રીએ બાળકોને શુભાશીર્વાદ આપ્યા હતા અને બાળકોને ખૂબ ખંતથી અભ્યાસ કરવા જણાવ્યું હતું.

સરપંચશ્રી યોગેશભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. આચાર્યશ્રીએ આભાર વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમ માટે પ્રકાશન વિભાગના મુમુક્ષુ ભાઈશ્રી સંજયભાઈ સુબોધભાઈ શાહ તથા ભાઈશ્રી જયેશભાઈ એસ. શાહે પણ ઘણી જહેમત ઉઠાવી હતી. આદ. શ્રી અશોકભાઈ શાહે (અંતરિક્ષજી) સમગ્ર આયોજનમાં સંપૂર્ણ સહયોગ આપ્યો હતો.

આ કાર્યક્રમમાં સંસ્થાના મુમુક્ષુઓ તથા કોબા ગામના જૂના સરપંચો શ્રી ગાંડાભાઈ પટેલ, શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, શ્રી બહેચરભાઈ પટેલ, શ્રી લીલાભા દેસાઈ તથા સમાજસેવકોએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. બાળકોમાં આનંદ વર્તાતો હતો.

## સંસ્થાના જિનમંદિરમાં નૂતન ધ્વજારોહણનો કાર્યક્રમ સંપન્ન

સંસ્થાના જિનમંદિરમાં નૂતન ધ્વજારોહણનો પ્રસંગ અષાઢ સુદ બીજ, તા. ૨૯-૬-૨૦૧૪ના રોજ ભક્તિસભર વાતાવરણમાં સંપન્ન થયો. સવારે જિનાભિષેક બાદ શ્રી પાર્શ્વનાથ પ્રભુની પૂજા તથા શાંતિપાઠ બાદ મંત્રાદિના પવિત્ર ઉચ્ચારણ સહ વિધિપૂર્વક ધ્વજાનું પૂજન કરવામાં આવ્યું. ત્યારબાદ મંત્રો અને ધૂનના પવિત્ર વાતાવરણમાં નૂતન ધ્વજારોહણનો કાર્યક્રમ સંપન્ન થયો. આ પ્રસંગે બા.બ્ર.પૂજ્યશ્રી ગોકુળભાઈ, આદ. વિદ્વદ્વર્યશ્રી સુધીરભાઈ મહેતા, આદ.શ્રી બિપીનભાઈ મણિયાર, આદ. શ્રી વિનોદભાઈ ખરીદિયા તેમજ અનેક મુમુક્ષુ ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. શ્રી વિનોદભાઈ ખરીદિયા તરફથી પ્રભાવના કરવામાં આવી હતી. આદ.સ્વ. શ્રી ચંદ્રકાંતભાઈ ગુલાબચંદ શાહ પરિવાર, અમદાવાદ તરફથી નવકારશી તથા આદ.શ્રી શાંતિલાલ સી. મહેતા પરિવાર, મુંબઈ તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યા હતા.

આ પ્રસંગ નિમિત્તે તા. ૨૭-૬-૨૦૧૪ થી તા. ૨૯-૬-૨૦૧૪ દરમિયાન બા.બ્ર.પૂજ્યશ્રી ગોકુળભાઈ તથા આદ.શ્રી સુધીરભાઈ મહેતાની સ્વાધ્યાયશ્રેણી રાખવામાં આવી હતી. પૂજ્યશ્રી ગોકુળભાઈએ વચનામૃત પત્રાંક-૮૦ તથા ૮૪ના આધારે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે જ્ઞાનીપુરુષોનો મનોવૃત્તિનો પ્રવાહ-ઉપયોગનું વહેણ સ્વરૂપ સન્મુખ હોય છે. કાર્યમાં એકનિષ્ઠા એ સફળતાની કૂંચી છે. પ્રવૃત્તિમાં સાક્ષીભાવ અને નિવૃત્તિમાં સ્વરૂપ અનુસંધાનનો પુરુષાર્થ કરવો. મહાપુરુષોનો 'ઉપયોગ'રૂપી ધ્રુવકાંટો સ્વરૂપ સન્મુખ હોય છે. ગમે તેવા ઉદયમાં પણ 'ઉપયોગ' અંતર્મુખ રહે તે સાધના છે. ઉપાદાનની યોગ્યતા અને નિમિત્તના સમન્વયથી કાર્યની સિદ્ધિ થાય છે. વિષ કરતાં પણ વિષયો ભયાનક છે. સર્વ ક્લેશનું મૂળ મિથ્યાત્વ (અજ્ઞાન) છે. કોઈના પણ નિમિત્તે આત્મહિત ચૂકવું નહીં. પરમાંથી અહં-મમત્વ છોડવું તે સાચો ત્યાગ છે. વિભાવ એ જ સંસાર છે. પર દ્રવ્યનું પરિણમન આપણા હાથમાં નથી. જીવ બધાની ચિંતા કરે છે પણ આત્માની ચિંતા કરતો નથી ! ચારગતિના દુઃખમાંથી છૂટવાનો મોકો માનવભવમાં છે. પધારજો = પરમાત્માને ધારજો.

આદ.શ્રી સુધીરભાઈ મહેતાએ વચનામૃત પત્રાંક - ૧૭૨ અને ૧૨૮ ના આધારે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે ઉદાસીનતા એટલે વૈરાગ્ય. સુવિચારણા સત્પુરુષના અનુગ્રહથી પ્રગટે છે. સત્પુરુષોની આશ્રયભક્તિ કરવી. પત્રાંક - ૧૨૮માં ભૂતકાળની ભૂલો, વર્તમાનનો નિશ્ચય અને ભાવિમાં કેવી દશા જોઈએ છે તેનું આલેખન છે. પરપદાર્થોમાં ફેરફાર કરવાની કતૃત્વબુદ્ધિ કર્મબંધનું કારણ છે. જીવને

પોતાની માન્યતા પર સૌથી વધુ મોહ હોય છે. વિભાવભાવો કરતી વખતે આપણને જ્ઞાનીનો બોધ યાદ આવતો નથી ! 'હું' અને 'મારું' અનાદિકાળના દોષો છે. જો ઉપશમભાવ ન આવે તો 'માર્ગ'ની પ્રાપ્તિ થતી નથી. સંસારપરિભ્રમણને અટકાવવાનો મોકો માનવભવમાં મળ્યો છે. સત્સંગ કર્યા પછી આત્મકલ્યાણનો દૃઢ નિર્ણય થવો જોઈએ. સંસારની અનુકૂળતામાં પણ જેને અકળામણ થાય તેને પરમાર્થની પ્રાપ્તિ થાય.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનાર દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનાર નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

- **સંતકુટિર :** (૧) સ્વ. તારાગૌરી જે. શાહના સ્મરણાર્થે — રૂા. ૧૦,૦૦૦/-
  આદ.શ્રી કોશા એ. પટેલ, અમદાવાદ, હસ્તે : આદ. શ્રી મંજુલાબેન જે. શાહ

- **શૈક્ષણિક સામગ્રી વિતરણ :**

(૧) બે મુમુક્ષુ ભાઈઓ, બેંગ્લોર, હસ્તે : આદ.શ્રી સંજયભાઈ શાહ — રૂા. ૧,૦૦,૦૦૦/-

(૨) આદ.શ્રી જ્યોત્સનાબેન પી. મોદી, રાજકોટ — રૂા. ૧૧,૦૦૦/-
હસ્તે : આદ.શ્રી દિનેશભાઈ બાવીસી

- **મેડિકલ સેન્ટર :**

(૧) આદ.શ્રી કોશા એ. પટેલ-અમદાવાદ, હસ્તે આદ.શ્રી મંજુલાબેન જે. શાહ — રૂા.૧૦,૦૦૦/-

(૨) શ્રી સાકરબા એન્ડ મંગળભાઈ દેસાઈ નોન ચેરિટેબલ ટ્રસ્ટ, નડિયાદ — રૂા. ૭,૦૦૦/-
હસ્તે : આદ. શ્રી ચંદ્રકાંતભાઈ દેસાઈ

મેડિકલ સેન્ટર ખાતે એપ્રિલ-મે-જૂન ૨૦૧૪ દરમિયાન નીચેના દાક્તરોએ જરૂરતમંદ દર્દીઓને નિદાન અને સારવાર કરેલ છે :-

| | |
|---|---|
| (૧) ડૉ. રમેશ લાલા (જનરલ ફીઝીસીયન) | ૧૫૩૩ દર્દીઓ |
| (૨) ડૉ. આલાપ શાહ (હાડકાના દાક્તર) | ૭૬ દર્દીઓ |
| (૩) ડૉ. કૌસ્તુભ ભાડ (દાંતના દાક્તર) | ૫૪ દર્દીઓ |
| (૪) ડૉ. મનિષ જોષી (આંખના દાક્તર) | ૧૩૩ દર્દીઓ |
| (૫) ડૉ. દેવેન્દ્રભાઈ શાહ (બાળકોના દાક્તર) | ૭૭ દર્દીઓ |
| (૬) ડૉ. આનંદ (કાર્ડીયોલોજીસ્ટ - હૃદયરોગ નિષ્ણાત) | ૮૦ દર્દીઓ |
| | **કુલ : ૧૯૫૩ દર્દીઓ** |

ઉપરોક્ત ૩ માસ દરમિયાન જરૂરતમંદ દર્દીઓના આંખના મોતીયાના ૬ ઓપરેશન કરવામાં આવ્યા છે. મેડિકલ સેન્ટરની વિશેષ જાણકારી માટે આદ. શ્રી જયંતિભાઈ જોબાલિયા (પૂનાવાળા, મો.

૯૪૨૯૭૭૫૫૫૪) અથવા સંસ્થાના કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી.

## યોગસાધન આશ્રમમાં યોગશિબિરનું આયોજન


પરમ પૂજ્ય યોગાચાર્ય શ્રી મનુવર્યજી ગુરુજીની જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે એક યોગશિબિરનું આયોજન તા. ૧૫-૬-૧૪ના રોજ સવારે ૯-૦૦ થી બપોરના ૧-૦૦ દરમિયાન શ્રી યોગસાધન આશ્રમ, અમદાવાદ મુકામે કરવામાં આવ્યું હતું.

શિબિરનું ઉદ્‌ઘાટન પૂજ્યશ્રી આત્માનંદજીના શુભહસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યું હતું. શિબિરનું સંચાલન આદ. શ્રી દુષ્યંતભાઈ તથા બહેનશ્રી નૈનાબેન મોદીએ કર્યું હતું.

પૂજ્યશ્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં તેમની નાની વયમાં જે ભક્તિના સંસ્કાર રેડાયા હતા તે માટે પૂજ્ય મનુવર્યજી મહારાજનો ઉપકાર માન્યો હતો અને જન્મશતાબ્દીની ઉજવણીની સફળ કામના વ્યક્ત કરી હતી. યોગાશ્રમના પ્રમુખશ્રીએ પણ ભાવવાહી ઉદ્‌બોધન કર્યું હતું.

કાર્યક્રમનું સંચાલન આદ. ટ્રસ્ટીશ્રી જશવંતભાઈએ કર્યું હતું. વયોવૃદ્ધ આદ. બહેનશ્રી સુમિત્રાબેન (બેબીબેન) તથા બહેનશ્રી ભામિનીબેન કે જેઓએ પોતાનું જીવન પૂ. મહારાજને નાનપણથી જ સમર્પિત કરી દીધું છે, તેઓની પ્રસન્નતા જોઈ સૌને આનંદ થયો હતો.

## વૈરાગ્ય સમાચાર



**[૧] અમદાવાદ :** ગુજરાતની મહાજન પરંપરાના પ્રભાવશાળી અગ્રણી, બાહોશ ઉદ્યોગપતિ, શિક્ષણવિદ્, અનેક સામાજિક સંસ્થાઓના કુશળ વહીવટકર્તા તથા ધર્મપરાયણ **આદ. શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ શેઠ**નું તા. ૧૯-૬-૨૦૧૪ના રોજ ૮૯ વર્ષની વયે દેહાવસાન થયું છે. તેઓશ્રીએ તેમના પિતાશ્રી કસ્તૂરભાઈ લાલભાઈના સંસ્કારજીવનની પરંપરાને સાદગી અને સેવાકાર્યોથી આગળ વધારી હતી. અનેક સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં તેઓ અગ્રેસર રહેતા હતા. મહાત્મા ગાંધીજીના મૂલ્યોનું આજીવન પાલન કરનારા શ્રેણિકભાઈએ શિક્ષણ, ધર્મ, કળા, સ્થાપત્યના ક્ષેત્રે મહત્ત્વની કામગીરી આદા કરી હતી. શ્રીમંતાઈ ભૌતિક ચીજવસ્તુઓથી નહીં પણ દાનધર્મથી શોભે છે એ વાતનું તેઓએ પોતાના જીવનમાં અનુસરણ કર્યું હતું. અનેક તીર્થોની ઉન્નતિ અને જાળવણીમાં તેઓએ મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

સદ્‌ગતના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે અને તેઓ પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

**[૨] અમદાવાદ :** આપણી સંસ્થાના પાયાથી જ જોડાયેલ શ્રી અરવિંદકુમાર હિંમતલાલ મોદીના પુત્રવધૂ તથા 'દિવ્યધ્વનિ'ના તંત્રી શ્રી મિતેશભાઈ અને શ્રી રીનાબેનના નાના ભાઈ શ્રી ભાવિનભાઈના

ધર્મપત્ની શ્રી **સુનિતાબેને** તા. ૧૩-૬-૨૦૧૪, શુક્રવારે ૩૪ વર્ષની વયે આત્મસ્મરણપૂર્વક નશ્વર દેહનો ત્યાગ કરેલ છે.



લગભગ ૨૦૦૨ની સાલથી તેઓ આપણી સંસ્થામાં અવારનવાર પધારતા, દરેક શિબિરમાં ભાગ લેતા અને તેમની ગંભીર બીમારી દરમ્યાન ઘણો સમય સંસ્થામાં રહ્યા હતા. તે સમયે પૂજ્યશ્રી સવાર-સાંજ બે વખત તેમને દર્શનનો લાભ આપતા. પૂજ્યશ્રી આત્માનંદજી, પૂજ્ય બહેનશ્રી તથા દરેક મુમુક્ષુઓએ તેમનું ખૂબ જ ધ્યાન રાખ્યું હતું. સુનિતાબેનને પૂજ્યશ્રી પ્રત્યે અત્યંત અહોભાવ હતો.

આમ તો તેમનામાં અનેક ગુણો હતાં, પરંતુ સમર્પણ, સેવા, પ્રસન્નતા, સમતા, પ્રેમ, ઉદારતા, વડીલો પ્રત્યે આદર એ તેમના વિશિષ્ટ ગુણો હતા. જન્મે અજૈન હોવા છતાં આદ.કુ. રીનાબેનના સંપર્કમાં આવ્યા પછી વીતરાગધર્મની ઉપાસના અને પરમકૃપાળુદેવની ભક્તિમાં રંગાઈ ગયા હતા. અંતિમ સમયે કુ.રીનાબેને તીર્થંકરોના, પરમકૃપાળુદેવના તથા અન્ય મહાપુરુષોના જીવનપ્રસંગો સંભળાવ્યાં હતાં. અત્યાર સુધી કરેલ દરેક ધર્મયાત્રાઓની સ્મૃતિ અપાવી હતી. શ્રી મહાવીર ભગવાન, શ્રી કુંદકુંદાચાર્યદેવ, શ્રી પરમકૃપાળુદેવ તથા પૂજ્યશ્રીના ચિત્રપટોના દર્શન કરાવ્યાં હતાં. સુનિતાબેન પણ 'હું આત્મા છું', 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ', 'શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની ગાથાઓ', 'દ્રવ્યસંગ્રહ'ની ગાથા - ૪૮ 'मा मुज्झह मा रज्जह मा दूसह...' વગેરે વારંવાર બોલતાં હતાં.

આમ, અંતસમયે એકબાજુ અત્યંત વેદના, તો બીજી બાજુ તેનાથી બમણો પુરુષાર્થ કરી કૃપાળુદેવના સતત સ્મરણ અને આત્માના અનુસંધાનપૂર્વક દેહનો ત્યાગ કરીને સૌ મુમુક્ષુઓને / સાધકોને પ્રેરણા અને પ્રોત્સાહનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

ગંભીર બીમારી (કેન્સર)ની જાણ હોવા છતાં તેમની સાથે શ્રી ભાવિનભાઈએ લગ્ન કરીને નિઃસ્વાર્થ પ્રેમ તથા નિષ્કામ સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. તે માટે શ્રી ભાવિનભાઈ ધન્યવાદને પાત્ર છે.

સ્વર્ગસ્થની અંતિમવિધિ તથા પ્રાર્થનાસભામાં પૂજ્ય બહેનશ્રી, આદ. શ્રી મનહરભાઈ જશવાણી તથા કોબાના મુમુક્ષુઓ ઉપસ્થિત રહ્યા હતા અને શ્રદ્ધાંજલિ અર્પી હતી. સ્વર્ગસ્થનો આત્મા પોતાની સાધનાને આગળ ધપાવે અને જીવનું અંતિમ લક્ષ્ય પરમપદ (મોક્ષ)ને પ્રાપ્ત કરે એવી સમસ્ત કોબા પરિવારની પરમાત્માને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



**[૩] અમદાવાદ :** આપણી સંસ્થામાં એકાઉન્ટન્ટ તરીકે સેવાઓ આપતા સન્નિષ્ઠ કાર્યકર્તા આદ. શ્રી પ્રવીણભાઈ એસ. પટેલના પિતાશ્રી **શામજીભાઈ એમ. પટેલ**નું ૮૭ વર્ષની વયે તા. ૮-૬-૨૦૧૪ના રોજ દેહાવસાન થયું છે. તેઓ કર્મયોગી હતા અને સ્વબળે જીવનમાં આગળ આવ્યા હતા. નીડરતા, ધર્મપ્રેમ અને સ્પષ્ટવક્તા - એ તેઓના વ્યક્તિત્વની વિશેષતાઓ હતા. તેઓ પોતાના સંતાનોને સંસ્કારવારસો સોંપતા ગયા છે.

સદ્‌ગતના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે અને તેઓ પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

# ગુરુમહિમા

- અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનરૂપી પ્રકાશ તરફ લઈ જાય તે ગુરુ.
- અરિહંતની આજ્ઞાના પાલક અને પ્રચારક તે ગુરુ.
- મુક્તિમાર્ગની ઝળહળતી મશાલ તે ગુરુ.
- અધ્યાત્મના તેજપુંજનો પ્રકાશ પાથરે તે ગુરુ.
- પરમપદના પથદર્શક તે ગુરુ.
- ગુરુ વિષે કંઈ કહેવું કે લખવું તે ફૂટપટ્ટીથી હિમાલયને માપવા જેવું છે.
- પતિતને પાવન કરે તે ગુરુ.
- અધમાધમનો ઉદ્ધાર કરે તે ગુરુ.
- આત્મામાં સંસ્કારનું સિંચન કરીને શુદ્ધતાનું સંવર્ધન કરે તે ગુરુ.
- જીવના રાહબર બનીને મંજિલ સુધી પહોંચાડે તે ગુરુ.
- સદ્ભાવના સ્પંદન ઉત્પન્ન કરે અને આત્માનું સંરક્ષણ કરે તે ગુરુ.
- વિભાવજ્વરથી પીડાતા જીવને રત્નત્રયીનું ઔષધ પ્રદાન કરી ભાવઆરોગ્ય અર્પે તે ગુરુ.
- જીવને સન્માર્ગ સમજાવી સમ્યક્ નેત્ર આપે તે ગુરુ.
- સંસારસાગરમાં ડૂબતા જીવને બોધિનાવ દ્વારા ઉગારે તે ગુરુ.
- સાધનામાર્ગનું સર્વોત્તમ તત્ત્વ તે ગુરુ.
- કરુણાની સરવાણી અને પ્રેમનો સાગર તે ગુરુ.
- આત્માને સંસારના ચક્રવાતમાંથી ઉગારી અજન્મા બનાવે તે ગુરુ.
- "ઉત્તમના ગુણ ગાવતા, ગુણ આવે નિજ અંગ,
  ગુણ ગાઈએ ગુરુદેવના, તો પામીએ ગુણ અનંત."
- અધ્યાત્મજગતના જવાહિર એટલે ગુરુ.
- પરિમિત છતાં પથ્યવાણીને પ્રકાશે તે ગુરુ.
- આધ્યાત્મિક અનુભૂતિના અમીરસનું પાન કરાવે તે ગુરુ.
- શાસ્ત્રોના મર્મ સમજાવે તે ગુરુ.
- પરમના પ્રતિનિધિ એટલે ગુરુ.
- શિષ્યને આત્મરત્નનું દાન કરનાર તે ગુરુ.
- જેઓ મોહની ધરતીથી અસ્પૃશ્ય છે અને અધ્યાત્મના અસીમ આકાશમાં ઉડ્ડયનના આનંદની અનુભૂતિના અનુભવી છે તે ગુરુ.

**Registered under RNI No. : GUJGUJ/2008/25883**
**Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal Regd. No. : GAMC - 309/2012-14 issued by SSP Ahmedabad valid upto 31-12-2014**
**Publication Date 15th of every month**

## ત્રણ ચીજ હંમેશાં યાદ રાખો

પ્રેષક - ધીરજલાલ જે. વોરા

| | | |
|---|---|---|
| ૧. | ત્રણ વસ્તુ કોઈની રાહ જોતી નથી | - સમય, મરણ, ગ્રાહક |
| ૨. | ત્રણ વસ્તુ જીવનમાં એક વાર મળે છે | - મા, બાપ, યુવાની |
| ૩. | ત્રણ વસ્તુ પડદા યોગ્ય છે | - ધન, સ્ત્રી, ભોજન |
| ૪. | ત્રણ વસ્તુ નીકળી ગયા પછી પાછી આવતી નથી | - તીર કમાનથી, વાત જબાનથી, પ્રાણ શરીરથી |
| ૫. | ત્રણ વસ્તુ કોઈ દિવસ ભૂલવી ન જોઈએ | - કરજ, ફરજ, ઉપકાર |
| ૬. | ત્રણનું સન્માન કરો | - માતા, પિતા, ગુરુ |
| ૭. | ત્રણને હંમેશાં કાબૂમાં રાખો | - કામ, લોભ, અભિમાન |
| ૮. | ત્રણ વસ્તુથી બચવાની કોશિશ કરો | - ખરાબ સંગત, સ્વાર્થ, નિંદા |
| ૯. | ત્રણ ચીજમાં મન લગાવવાથી ઉન્નતિ થાય છે | - ઈશ્વર, પરિશ્રમ, વિદ્યા |
| ૧૦. | ત્રણ મિત્રતા છોડાવનાર છે | - કડવી વાણી, વિશ્વાસઘાત, લેણદેણ |
| ૧૧. | ત્રણ વસ્તુ ભાંગ્યા પછી સંધાતી નથી | - મન, મોતી, કાચ |
| ૧૨. | ત્રણને કાબૂમાં સખો | - ક્રોધ, જીભ, વર્તન |
| ૧૩. | ત્રણ વસ્તુ ખરાબ સોબતથી નાશ પામે છે | - આબરૂ, ધન, જિંદગી |
| ૧૪. | ત્રણ અગ્નિ વિના પણ બાળનારા છે | - ક્રોધ, ક્લેશ, ચિંતા |
| ૧૫. | ત્રણ અપમાન સહન કરતા નથી | - સિંહ, હાથી, શૂરવીર પુરુષ |
| ૧૬. | ત્રણની વેપારમાં જરૂર છે | - હામ, દામ, ઠામ |

**આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા**

**'દિવ્યધ્વનિ' જુલાઈ - ૨૦૧૪ના અંક માટે રૂા. ૧૧,૦૦૦/-નો આર્થિક સહયોગ**
**૧ આદ. શ્રી ફુલચંદભાઈ મુલચંદભાઈ શાહના પૌત્ર ચિ. સાહિલના તા. ૨૫-૭-૨૦૦૨ના જન્મદિનના શુભ પ્રસંગ નિમિત્તે (નૈરોબી, કેન્યા)**
**તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.**

**'દિવ્યધ્વનિ' જુલાઈ - ૨૦૧૪ના અંક માટે રૂા. ૧૧,૦૦૦/-નો આર્થિક સહયોગ**
**૨ સ્વ. શ્રી નાથાલાલ ચત્રભુજ શાહની પુણ્યસ્મૃતિમાં, (યુ.એસ.એ.માં વસતા તેઓના દીકરા-દીકરીઓ)**
**તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.**

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah